RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૭૯ પોષ-વદ ૧૩   શુક્રવાર, તા.૨૦-૦૧-૨૦૨૩   અંક : ૧૩૯ વર્ષ : ૨૦   e-mail : sauaajtak@gmail.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# પ્રાથમિક શિક્ષણ પોતે જ 'ઢ'

## શિક્ષણ અંગેના વાર્ષિક અહેવાલમાં ચોંકાવનારુ 'સત્ય' આવ્યું બહાર

### ધો.૩ના વિદ્યાર્થીઓમાં ૧૦થી૯૯ સુધીના આંકડા વાંચવામાં પણ તકલીફ: બારાક્ષરીના અક્ષરમાંથી બનાવેલો ત્રણ અક્ષરનો શબ્દ પણ બાળકો બોલી શકયા નહી



નવી દિલ્હી:
દેશમાં શિક્ષણ માટે વધતી જતી જાગૃતિ વચ્ચે એક ચિંતાજનક અહેવાલ પણ બહાર આવ્યો છે અને ખાસ કરીને હવે જયારે ભારત વિશ્વમાં સૌથી વધુ વસતિ ધરાવતો દેશ બનવા જઈ રહ્યો છે તે સમયે તેના ભાવિ નાગરિકો સુશિક્ષિત હોય અને સ્કીલ ધરાવતા હોય તો ડેમોગ્રાફિક ડિવિડન્ડ મેળવી શકે. મતલબ કે વધતી વસતીના લાભ મેળવી શકે નહીતર વધતી વસતી 'બોજો' પણ પુરવાર થઈ શકે છે. હાલમાં જ પ્રસિદ્ધ થયેલા શિક્ષણ અંગેના વાર્ષિક રિપોર્ટમાં શિક્ષણ અંગે ખાસ કરીને માતાપિતાને ચિંતા સર્જાવે તેવું ચિત્ર બન્યુ છે. કોવિડના કારણે ફકત વયસ્કો જ નહી પણ બાળકોને પણ અસર થઈ છે અને આ કોવિડની એક સાઈડ ઈફેકટ પણ જોવામાં આવે છે. કોવિડ કાળ બાદ ગુજરાતમાં મોટી સંખ્યામાં કુટુંબોએ તેના બાળકોને ખાનગી શાળા કે ખાનગી ટ્યુશન બંધ કરાવી તે સરકારી શિક્ષણના સહારે ગયા છે. ખાસ કરીને કોવિડ બાદ કુટુંબની આવક ઘટતા કુટુંબોને આ ફરજ પડી હોવાનું તારણ છે.

આ રીપોર્ટ કહે છે કે ૨૦૧૮માં શિક્ષણ ક્ષેત્રમાં જે નવા વિદ્યાર્થીઓના એડમીશન થયા તેમાં ૧૨% ખાનગી શાળામાં હતા તે ૨૦૨૨માં ઘટીને ૮% થયા છે પણ સૌથી મોટી ચિંતા બાળકોની પાયાની શિક્ષણની ક્ષમતા ઘટી છે. પ્રાથમીક શિક્ષણ એ બાળકની અભ્યાસની ક્ષમતાનો પાયો છે. પણ આ રીપોર્ટ કહે છે કે શાળાની બાળકોની અભ્યાસ ક્ષમતા શિખવાની ક્ષમતા કે જેને ગ્રાસ્પીંગ પાવર તરીકે પણ ઓળખી શકાય છે તેમાં મોટો ઘટાડો થયો છે એટલે કે તેમનું શૈક્ષણિક સ્તર ઘટયું છે. આ સર્વે મુજબ (દ્રષ્ટાંત રૂપે) ધો.૩માં ૯.૮% વિદ્યાર્થીઓ ૧થી૯ના આંકડાને પારખી શકતા ન હતા જયારે ૨૯.૬% વિદ્યાર્થીઓને ૧થી૯ના ઓળખી ગયા પછી ૧૦થી૯૯ સુધીના આંકડા ગુજરાતીમાં લખાયા તો પણ તેમાં તે કયો આંકડો છે તે કહી શકયા નહી. ૩૭.૫ ટકા વિદ્યાર્થીઓ આ આંકડા તો પારખી શકયા પણ તેમને બાદબાકી આવડતી ન હતી. જયારે ફકત ૪.૬% વિદ્યાર્થીઓજ ભાગાકાર યોગ્ય રીતે કરી શકયા.

આ ગણીતની પાયાની ક્ષમતાનો મોટો અભાવ જોવા મળ્યો છે. જયારે વાંચવાની ક્ષમતામાં ધો.૩ના વિદ્યાર્થીઓ પણ ખૂબજ નબળા પુરવાર થયા હતા. ધો.૩ના ૭.૧% વિદ્યાર્થીઓ બારાક્ષરીના ક-ખ-ગ-ઘ કે પછીના અક્ષરને પણ પારખી શકયા ન હતા. ૧૯.૩% આ બારાક્ષરીના અક્ષરને ઓળખી તો ગયા પણ તેના આધારે એક નાનુ વાકય પણ કહી શકયા નહી. ૨૫% જેટલા વિદ્યાર્થીઓજ આ અક્ષરને ઓળખીને તેની સાથેનું નાનુ વાકય વાંચી શકયા હતા. આ વિદ્યાર્થીઓ જેમાંથી 'પાસ' થઈને આવ્યા હતા તે વર્ગ-૧ તથા વર્ગ-૨ના અભ્યાસક્રમમાં પણ અત્યંત નબળા પુરવાર થયા. હાલ ઈંગ્લીશ મીડીયમની બોલબાલા છે પણ ધો.૩ના ૩૦% જેટલા વિદ્યાર્થીઓને કેપીટલ લેટર શું કે તે વાંચી શકયા નહી જયારે બીજા ૩૦% સ્મોલ લેટરને પારખી શકયા નથી. જો કે ફકત ગુજરાત જ નહી. દેશભરમાં શિક્ષણની આ હાલત છે. જે માટે કોવિડકાળને જવાબદાર ગણાવાય છે. ૨૦૨૦ થી શિક્ષણનો સમય ઓછામાં ઓછો થયો અને બાળકો ઘરમાં વધુમાં વધુ રહ્યા હતા.

### રાષ્ટ્રીય સ્તરે પણ આજ હાલત

દેશમાં ૨૦૨૨માં ૬થી૧૪ વર્ષની વયના બાળકોમાં ૯૮.૪% શાળામાં દાખલ થયા છે જે અત્યાર સુધીનો સૌથી મોટો પ્રવેશ છે. ૨૦૧૮માં તે ૯૭.૨% હતો પણ બાળકોની શિખવાની ક્ષમતા લન'ગ- એબીલીટી ઘટી છે. ખાસ કરીને ગણીતમાં બાળકો વધુ નબળા પુરવાર થઈ રહ્યા છે. ૨૦૧૪ થી ૨૦૧૮ સુધીમાં બાળકોમાં ગણીત શીખવાની ક્ષમતા તબકકાવાર વધી હતી. ધો.૩માં દાખલ થયેલો વિદ્યાર્થી સરળતાથી ધો.૨ના પાઠયપુસ્તક વાંચી શકતો હતો. જે પ્રમાણ ૨૦૧૮માં ૨૭.૨% હતું પણ ૨૦૨૨માં ધો.૩ના વિદ્યાર્થીઓનું વાંચવાનું પ્રાથમીક સ્તરમાં ૬.૮% ઘટયુ છે. ફકત ધો.૩ નહી ધોરણ-૫ના વિદ્યાર્થીઓ સુધી આ અસર હતી.

# બૃજભૂષણ સિંહ કુશ્તી મહાસંઘના અધ્યક્ષ પદેથી એજીએમ બાદ રાજીનામુ આપે તેવી સંભાવના

(એ.આર.એલ),નવીદિલ્હી,
કુશ્તી મહાસંઘના અધ્યક્ષ બૃજભૂષણ શરણ સિંહ પોતાના પદેથી રાજીનામુ આપી શકે છે જાણકારી અનુસાર અયોધ્યામાં ૨૧થી ૨૩ જાન્યુઆરી વચ્ચે ડબ્લ્યુએફઆઈની તાકિદની બેઠક થશે આ બેઠકમાં બૃજભૂષણ શરણ સિંહ પણ સામેલ થશે.માનવામાં આવે છે કે આ બેઠક બાદ તે પોતાના પદેથી રાજીનામુ આપી શકે છે.કુશ્તી મહાસંઘના સેક્રેટરી જનરલે આ બેઠક બોલાવી છે.આ બેઠકમાં બૃજભૂષણ શરણ સિંહ પર કોઈ પણ નિર્ણય લઈ શકાય છે.

### સરકાર તરફથી બબીતા પહોંચ્યા



જયારે બીજી તરફ દિલ્હીના જંતર મંતર પર કુશ્તી મહાસંઘની વિરૂધ્ધ દેશના દિગ્ગજ પહેલવાનોના ધરણા આજે પણ જારી રહ્યાં હતાં પહેલવાનો તરફથી બૃજભૂષણ શરણ સિંહ પર ગંભીર આરોપ લગાવ્યો છે.

# મોદી સાથે તમારા સારા સંબંધ, અમારી ચર્ચા કરાવો : કંગાળ પાકિસ્તાને UAEને કરી વિનંતી

નવીદિલ્હી,
અત્યંત કપરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહેલા પાકિસ્તાનને ભારતની યાદ આવી છે. તેણે ભારત સાથે વાતચીત કરવા માટે UAEના રાષ્ટ્રપતિને અપીલ કરી છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ગયા અઠવાડિયે સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાનને વિનંતી કરી હતી કે, તેઓ ભારતને પાકિસ્તાન સાથે વાતચીત કરવા માટે તૈયાર કરે. બુધવારે એક પાકિસ્તાની અખબારે પ્રકાશિત કરેલા અહેવાલમાં આ વાતનો ખુલાસો થયો છે.

અહેવાલ મુજબ, પાકિસ્તાનના PMએ સંયુક્ત આરબ અમીરાત (UAE)ના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાનને કહ્યું હતું કે તમારા ભારત અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ઘણા સારા સંબંધો છે અને તમે અમારા મુસ્લિમ ભાઈ છો, તેથી ભારતને અમારી સાથે વાતચીત કરવા માટે તૈયાર કરો. આ ઉપરાંત ગત મંગળવારે UAEની એક ન્યૂઝ ચેનલ દ્વારા શાહબાઝ શરીફનો ઈન્ટરવ્યૂ ટેલિકાસ્ટ કરાયો હતો. જેમાં પાકિસ્તાનના વડાપ્રધાને ખુદ મોદી અને ભારત સાથે વાતચીત માટે પોતાની આતુરતાની વાત સ્વીકારી છે. તેમણે વધુમાં કહ્યું કે, પાકિસ્તાન હવે શાંતિ ઈચ્છે છે અને આ માટે ગંભીરતાથી વાતચીત કરવી જરૂરી છે.

### પાકિસ્તાનની શાન આવી ઠેકાણે



# બદલાતી જીવનશૈલીના કારણે ભારતમાં કેન્સર જેવી ગંભીર બીમારીઓ મોટું જોખમ

### ૨૦૨૦માં દુનિયાભરમાંકેન્સરના ૧.૯૩ કરોડ નવા કેસ સામે આવ્યા અને એક કરોડ લોકોના મોત થયા

નવીદિલ્હી,
અમેરિકાના એક જાણીતા કેન્સર રોગ વિશેષજ્ઞએ અલર્ટ કરતા કહ્યું છે કે વૈશ્વિકરણ, વધતી અર્થવ્યવસ્થા, વસ્તી, અને બદલાતી જીવનશૈલીના કારણે ભારતે કેન્સર જેવી ગંભીર બીમારીઓની 'સુનામી'નો સામનો કરવો પડશે. તેને પ્રભાવી રીતે પહોંચી વળવા માટે તેમણે ટેક્નોલોજી આધારિત ચિકિત્સા ટેક્નિકના ઉપયોગ પર ભાર મૂક્યો છે. અમેરિકાના ઓહાયોમાં ક્લીવલેન્ડ ક્લિનિકના હેમેટોલોજી અને મેડિકલ ઓન્કોલોજી વિભાગના અધ્યક્ષ ડો. જેમ અબ્રાહમે કહ્યું કે કેન્સરની રોકથામ અને ઉપચાર માટે રસી, એઆઈ અને ડેટા ડિજિટલ ટેક્નિકનો વિસ્તાર અને લિક્વિડ બાયોપ્સીથી નિદાન તે ૬ ટ્રેન્ડમાં સામેલ છે જે આ સદીમાં કેન્સરના ઉપચારને નવું સ્વરૂપ આપશે.

એક આર્ટિકલમાં ડો.અબ્રાહમે કહ્યું છે કે અન્ય ત્રણ ટ્રેન્ડ જીનોમિક પ્રોફાઈલિંગ, જીન એડિટિંગ ટેક્નોલોજીના વિકાસ અને આગામી પેઢીના ઈમ્યુનોથેરેપી તથા સીએઆર ટી સેલ થેરેપીનો ઉપયોગ છે. તેમણે કહ્યું કે ડિજિટલ ટેક્નિક, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને ટેલીહેલ્થથી દર્દીઓ અને વિશેષજ્ઞો વચ્ચેની ખાઈ ઓછી થશે. આ સંભવિત રીતે આપણા દેશના આંતરિયાળ ભાગોમાં વિશેષજ્ઞોની દેખભાળની ઉપલબ્ધતામાં વધારો કરશે.

જેમાં ગ્રામીણ વિસ્તારો પણ સામેલ છે જયાં આપણી મોટાભાગની વસ્તી રહે છે.

ડો. જેમ અબ્રાહમે કહ્યું કે જયારે આ ટેક્નિક્સ કેન્સરની દેખભાળમાં ક્રાંતિકારી ફેરફારો લાવશે તો આપણે તેને લાખો લોકો માટે કેવી રીતે સસ્તી અને સુલભ બનાવીએ એ ભારતની સામે સૌથી મોટો પડકાર છે.

કેન્સર રોગ વિશેષજ્ઞએ ચેતવતા કહ્યું કે વૈશ્વિકરણ, વધતી અર્થવ્યવસ્થા, વસ્તી અને બદલાતી જીવનશૈલીના કારણે ભારત કેન્સર જેવી ગંભીર બીમારીઓની સુનામીનો સામનો કરી શકે છે. આંતરરાષ્ટ્રીય એજન્સીઓના અનુમાન મુજબ ડેમોગ્રાફિક ચેન્જના કારણે ૨૦૪૦માં દુનિયાભરમાં કેન્સર રોગીઓની સંખ્યા ૨.૮૪ કરોડ થવાની આશંકા છે. જે ૨૦૨૦ની સરખામણીમાં ૪૭ ટકા વધુ હશે.

આ સંખ્યા વૈશ્વિકરણ અને વધતી અર્થવ્યવસ્થા સંલગ્ન જોખમી કારકોમાં વૃદ્ધિથી વધી શકે છે. વર્ષ ૨૦૨૦માં દુનિયાભરમાં અંદાજિત કેન્સરના ૧.૯૩ કરોડ નવા કેસ સામે આવ્યા અને લગભગ એક કરોડ લોકોના મોત કેન્સરથી થયા.

# મુંબઈ અને ગોવા હાઈવે પર બે અકસ્માતમાં ૧૩ લોકોના મોત

### કાર અને ટ્રકની ટકકરમાં ૯ ઘાયલ, ખાનગી બસ પલટી જતા ૪ લોકોના મોતઃ ૨૪ ઘાયલ



મુંબઈ,
મુંબઈ-ગોવા હાઈવે પર બે જુદા-જુદા ભીષણ માર્ગ અકસ્માતમાં ૧૩ લોકોના મોત થયા હતા અને ૨૪ લોકો ઘાયલ થયા હતા. મુંબઈ ગોવા હાઈવે પર એક કાર અને ટ્રક વચ્ચે ભીષણ અકસ્માતમાં ૯ લોકોના મોત નિપજયા છે. જેમાં ચાર મહિલાનો સમાવેશ થાય છે. આ અકસ્માત સવારે પાંચ વાગ્યે થયો હતો. આ દુર્ઘટના રાયગઢના માનગાંવના રોમોલી ગામમાં થયો હતો.ટ્રક અને કારની પરસ્પર ટકકરમાં કારના ફુરચા ઉડી ગયા હતા. અકસ્માતનો બીજો બનાવ મુંબઈ-ગોવા હાઈવે પર કણકવલી પાસે થયો હતો જેમાં ખાનગી બસ ચાલકે બસ પર નિયંત્રણ ખોતા અકસ્માત સર્જાયો હતો.જેમાં ચાર લોકોના મોત થયા હતા અને ૨૩ લોકો ઘાયલ થયા હતા.

# ૧૫ વર્ષ જૂના તમામ વાહનો માટે ૧ એપ્રિલથી નવા નિયમો



આવા વાહનો ફિટનેસ પ્રમાણપત્ર મેળવવું ફરજિયાત : વાહન માલિકને બે વાર તક અપાશે

નવીદિલ્હી,
નીતિન ગડકરીએ નવા નિયમો જાહેર કર્યા છે. જેને કારણે ૧૫ વર્ષ જૂના તમામ વાહનો ભંગારવાડામાં ન જાય એ માટે તમારે ફિટનેસ પોલીસી કરાવવી પડશે. રિન્યુઅલ થયેલા વાહનો સામે પણ કાર્યવાહી થશે. ૧૫ વર્ષ જૂના તમામ વાહનો માટે ૧ એપ્રિલથી નવા નિયમો આવી રહ્યાં છે.

સ્ક્રેપિંગ પોલીસીનો અમલ કરવા રાજય વાહન વ્યવહાર વિભાગે તૈયારી આદરી છે. ૧૫ વર્ષ જુનું વાહન હશે તો તે માર્ગ પર દોડી શકશે નહી. આવા વાહનો ફિટનેસ પ્રમાણપત્ર મેળવવું ફરજિયાત છે. જો ફિટનેસ સેન્ટરમાં ફેઈલ થશે તો તે વાહન ભંગારવાડામાં જશે. વાહન વ્યવહાર વિભાગના સુત્રોના મતે, જાન્યુઆરીના અંત સુધીમાં ગુજરાતમાં ખાનગી ફિટનેસ સેન્ટરો શરૂ થઈ જશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત ૪૫ લાખથી વધુ વાહનો ૧૫ વર્ષ જૂના છે. આ તમામ વાહનો ભંગારમાં નાખવાનો ખતરો છે. વાહનોની ફિટનેસ જાણવા માટે કમ્પ્યુરાઈઝ્ડ ફિટનેસ સેન્ટર શરૂ કરવા ગુજરાતમાં તૈયારીઓ આરંભાઈ છે. વાહન વ્યવહાર વિભાગે નિયત ધારાધોરણો આધારે અત્યાર સુધીમાં કુલ ૨૪૦ ખાનગી ફિટનેસ સેન્ટરોને મંજૂરી આપી છે. આ ખાનગી ફિટનેસ સેન્ટરોમાં કેવી રીતે કામગીરી કરવી તે અંગે ફિટનેસ સેન્ટરના સંચાલકો અને વાહન વ્યવહાર વિભાગના અધિકારીઓ વચ્ચે બેઠકોનો દોર શરૂ થયો છે.ખાનગી કંપનીઓને વધુમાં વધુ ૧૦ ખાનગી ફિટનેસ સેન્ટર ખોલવા મંજૂરી અપાય છે. સૂત્રોના મતે, ખાનગી ફિટનેસ સેન્ટરમાં રૂા.૨૦૦ ફી ચૂકવીને ૧૫ વર્ષ જૂના વાહનનુ ફિટનેસ જાણી શકાશે. વાહન માલિકને બે વાર તક અપાશે. જો બીજી વાર વાહન ફિટનેસમાં ફેલ થશે તો વાહનને ભંગારવાડામાં મોકલાશે. એટલું જ નહી, નવું વાહન ખરીદવા માટે રોડ ટેક્સ અને રજીસ્ટ્રેશન ફીમાં મુક્તિ આપવા પ્રોત્સાહન આપવા વિચારણા ચાલી રહી છે. સ્ક્રેપિંગ પોલીસી હેઠળ સમગ્ર દેશમાં પહેલીવાર ગુજરાતમાં ખાનગી ફિટનેસ સેન્ટર શરૂ થઈ જશે.ફિટનેસ સેન્ટર માટે કેન્દ્ર સરકાર દ્વારા આ સપ્તાહમાં જ મંજૂરી મળી જાય તેવી સંભાવના છે. સુરતમાં સૌથી પહેલું ફિટનેસ સેન્ટર પણ શરૂ કરાશે. ખાનગી ફિટનેસ સેન્ટરમાં વાહન ફિટનેસ જાણીને વાહનમાલિકને ફિટને પ્રમાણપત્ર આપવામાં આવશે. ખાનગ ફિટનેસ સેન્ટરમાં ગેરરીતી થવાની શક્યતા રહેલી છે તે જોતા રાજ્ય વાહન વ્યવહાર વિભાગે સરકારી ફિટનેસ સેન્ટર શરૂ કરવા નક્કી કર્યુ છે.

# અમરેલીમાં રવિવારે રાજયભરનાં ૩ હજાર સ્પર્ધકો 'મેરેથોન'માં જોડાશે

## જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ વિભાગ, ગુજરાત એથલેટિકસ અને લક્ષ્મી ડાયમંડ અને ગજેરા ટ્રસ્ટનાં અશોક ગજેરાની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશેઃ કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિક્ષક સહિતનાં અધિકારીઓ ઉપસ્થિત રહેશે

મિલાપ રૂપારેલ અમરેલી,

ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા ધ્વારા આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત સ્વસ્થ ભારત, શ્રેષ્ઠ ભારત અભ્યાસનાં સંદેશ સાથે ઓપન ગુજરાત મેરેથોનની તડામાર તૈયારી થઈ રહી છે. શાંતાબા ગજેરા મેરેથોન-અમરેલીમાં આશરે ૩,૦૦૦થી પણ વધુ સ્પર્ધકો ભાગ લઈને પોતાનું આગવું કૌશલ્ય બતાવશે. શાંતાબા ગજેરા મેરેથોનમાં મેન અને વુમેન બન્ને માટે કોમ્પીટીશન રાખવામાં આવી છે તથા ફન રનનું પણ આયોજન કરવામાં આવેલ છે. આ મેરેથોનનાં સ્પોનસર ગજેરા ચેરિટેબલ ટ્રસ્ટ, લક્ષ્મી ડાયમંડ, સુરક્ષા સેવા સેતુ તથા વિદ્યાસભા સ્કૂલ ધ્વારા વિનર ખેલાડીઓને ટી-શર્ટ, મેડલ, સર્ટીફીકેટ તથા ૧ થી ૫ નંબર વિજેતા ખેલાડીઓને રૂા. ૨૫૦૦થી લઈને ૨૧,૦૦૦ સુધીની રોકડ રકમ સ્પોનસરો ધ્વારા આપવામાં આવશે. જિલ્લા કલેકટર ગૌરાંગમકવાણા, એસપી હિમકરસિંહ, ડીડીઓ દિનેશ ગુરવનાં હસ્તે મેરેથોનનું પ્રસ્થાન. અમરેલી તથા ગુજરાતની તમામ જનતાને તા. ૨૨ જાન્યુઆરી ૨૦૨૩ને રવિવારનાં રોજ સવારે ૫ કલાકે વિદ્યાસભા કેમ્પસ ખાતે શાંતાબા ગજેરા મેરેથોનમાં સ્પર્ધકોને પ્રોત્સાહન કરવા અને ફન રનમાં ભાગ લેવા માટે સ્પોનસરો ધ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના સંદેશ સાથે કેમ્પસ ડાયરેકટર હસમુખભાઈ પટેલનાં માર્ગદર્શનતળે સમગ્ર આયોજનની તડામાર તૈયારીઓ થઈ રહી છે. એમ વિદ્યાસભાની યાદીમાં જણાવેલ છે.

# લાઠી : પીજીવીસીએલની કચેરી દરરોજ રાષ્ટ્રગાન સાથે શરૂ થાય છે




જનતાનાં કાર્યોનો ફટાફટ નિકાલ સાથે જીવદયા માટે પણ કર્મચારીઓ ખડેપગે જોવા મળે : આઝાદી પહેલાનાં સમયમાં બનેલ રજવાડી મકાનમાં બેસતી કચેરીની કામગીરીની ઠેર-ઠેર પ્રશંસા : સીસીટીવી, સ્વચ્છતા અને સેવાની સુંગધ ફેલાવતી કચેરી દરેક સરકારી કચેરી માટે પ્રેરણાસમાન બની

અમરેલી,

સામાન્ય રીતે સરકારી કચેરીઓમાં સ્ટાફ, અધિકારી કે કચેરીનું વાતાવરણ જનતાને સાનુકૂળ આવતું ન હોય પણ લાઠીની એક એવી કચેરી જે રજવાડી સમયનાં બિલ્ડિંગમાં કાર્યરત હોવા છતાં કોર્પોરેટ ઓફિસ હોય તેવુંવાતાવરણ અને આવનાર અરજદારો માટે ગાર્ડન સહિતની સુદ્રઢ સુવિધા સાથેની કચેરી અન્ય સરકારી કચેરીઓને પ્રેરણા આપે તેવી નિર્માણ હોય ને અધિકારી, સ્ટાફની કામગીરીથી આવતા અરજદારો પણ સંતુષ્ટ હોય પણ કચેરીની વિશેષતા એ છે કે દરેક કર્મીઓ ઓફિસ સમય પહેલા રાષ્ટ્રગીત ગાયા બાદ જ કચેરીનું કામકાજ શરૂ કરે છે.

લાઠી ગામની પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડની પેટા વિભાગીય કચેરી ૧૯૩૮માં રજવાડી સમયમાં બનેલા આ બિલ્ડિંગમાં બેસતી કચેરી જાણે કોર્પોરેટ ઓફિસ હોય તેવી પીજીવીસીએલના કર્મીઓ અને અધિકારીઓની સેવાની ભાવનાઓને સાર્થક કરતી કચેરી કહેવાય છે.

પીજીવીસીએલની કચેરી બહાર ગાય માતા માટે અવેડો તો પક્ષીઓ માટે ચબૂતરો અને પીજીવીસીએલના કામ સબબ આવતા અરજદારો માટે બેસવા માટેના આધુનિક ઝુલાઓ, બેંચ અને ગાર્ડન ટાઈપની આખી કચેરી જોવા મળી રહી છે. પશુ-પંખીઓને પાણી, ચણ જેવી સુવિધાઓ સાથે આ કચેરીની વિશેષ વિશેષતા એ છે કે કચેરીનો સમય શરૂ થવા પહેલા પીજીવીસીએલના અધિકારી સહિત તમામ કર્મચારીઓ કચેરીમાં રાષ્ટ્રગાન ગાયને બાદ જ કચેરીનું કામકાજ શરૂ થાય છે. સરકારી કચેરીમાં કયાંય રાષ્ટ્રગાન સાથે કામકાજ શરૂ થતું હોય તેવી એકમાત્ર રાજયની લાઠીની પીજીવીસીએલ પેટા વિભાગ કચેરી છે. જેમાં છેલ્લા પાંચવર્ષથી રાષ્ટ્રગાન બાદ જ કચેરીના કાર્યનો શુભારંભ થાય છે. લાઠી પીજીવીસીએલ કચેરીમાં ૨૮ ગામડાઓ અને લાઠી શહેર આવ્યું છે ૫૫નો સ્ટાફ છે પરંતુ કચેરીનું બિલ્ડીંગ અને કચેરીના કર્મચારીઓની કર્તવ્યનિષ્ઠા ઉડીને આંખે વળગે તેવી છે. અહીં આવતા એક પણ અરજદારને આજ દિન સુધી કયારેય ધક્કા ખાવા પડયા હોય તેવું બનયુ નથી. દરેક ગ્રાહકોને સમજણ સાથેની શીખ અહીંની કચેરીના સ્ટાફવાળા કર્મીઓ આપે છે સાથે અરજદારોનું ધ્યાન રાખતા કર્મીઓ ગાયોના અવેડાથી લઈને પક્ષીઓ માટેના ચબૂતરા, ચણ, પાણી સહિતની સવલતો પક્ષીઓને મળે તેની પણ પૂરતી તકેદારી લાઠી પીજીવીસીએલ કચેરીનો સ્ટાફ રાખી રહ્યો છે. જુનવાણી સમયની આખી આ બિલ્ડિંગમાં જાણે કોર્પોરેટ કંપની હોય તે રીતનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. સીસીટીવી, સ્વચ્છતા, આધુનિક ગાર્ડન સહિતની સગવડતાઓને કારણે આવનારા અરજદારો ખૂબ જ ખુશ થાય છે.

લાઠીની પીજીવીસીએલનો પાવર હાઉસ જાણે એક નયન રમ્યો બગીચો હોય અને ૧૯૩૮નું બિલ્ડીંગ જાણે હાલની કોર્પોરેટ ઓફિસ હોય તેવા વાતાવરણ સાથેની કચેરી એકમાત્ર લાઠીમાં હોય અને અધિકારી દ્વારા સ્વચ્છતા અને સુંદરતાના સમન્વયને સાર્થક કરતી પીજીવીસીએલ કચેરી અન્ય સરકારી કચેરીઓ માટે પ્રેરણા સમાન બની છે.

# મોરબી નવયુગ ગ્રુપ ઓફ એજયુકેશનના પ્રમુખના પુત્રના જન્મદિવસની પ્રેરણાદાયી ઉજવણી




સન્ની વ્યાસ દ્વારા મોરબી, તા. ૧૯

મોરબીમાં નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશનના પ્રમુખ પી ડી કાંજીયાના પુત્ર ક્રિષ્નનો જન્મ દિવસ હોવાથી જન્મદિવસની પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવી હતી જેમાં જે દંપતી માતા-પિતા બનવા જઈ રહ્યા છે તેમને 'ગર્ભ સંહિતા' ભાગ ૧ અને ૨ પુસ્તકો ભેટ સ્વરૂપે આપી અને જે માતા-પિતા બની ચૂક્યા છે તેમને બાળકોનો ઉછેર કેવી રીતે કરવો તે માટે "બાળ ઉછેર બે હાથમાં" પુસ્તકો ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

અગાઉ આ પુસ્તકો ૧૦૦૦ નંગની આસપાસ પી. ડી. કાંજિયા દ્વારા જરૂરિયાત ધરાવતા લોકોને આપવામાં આવેલ હતી આજે ક્રિષ્નના જન્મદિવસ નિમિત્તે ૨૦૦ થી વધુ પુસ્તકોનું ભેટ સ્વરૂપે વિતરણ કરવામાં આવેલ. આ સિવાય શિયાળાની કાતિલ ઠંડીથી બચવા બ્લેક્રેટ જરૂરિયાત મંદ લોકોને વિતરણ કરવામાં આવેલ તેમજ ગાય માતાને ઘાસચારો આપેલ આટલું કાર્ય કરવા ઉપરાંત સરકારી શાળાઓમાં જઈને ૨૫૦૦ જેવા વિદ્યાર્થીઓને અલ્પાહાર કરવો હતો.

# અમરેલી માર્કેટયાર્ડમાં 'રોડ સેફટી અવેરનેસ' સેમિનાર યોજાયો

અમરેલી,

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - અમરેલીના સાવરકુંડલા રોડ ઉપર આવેલ મુખ્ય યાર્ડમાં ૩૩માં રાષ્ટ્રીય રોડ સેફટી વીકઅંતર્ગત કલેકટરના માર્ગદર્શન હેઠળ એ.આર.ટી.ઓ. તથા જિલ્લા ટ્રાફિક વિભાગ દ્વારા સેફટી અવેરનેસ અંતર્ગત માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં અમરેલી જિલ્લા આર.ટી.ઓ. ઓફિસર પઢીયાર તથા તેમની ટીમ તેમજ જિલ્લા ટ્રાફિકની ટીમ દ્વારા ખેડૂતભાઈઓ તથા વાહન ધારકોને વાહન અકસ્માત નિવારવા રોડ સેફટી અંગે ખૂબ જ સરસ માર્ગદર્શન પૂરૂ પાડેલ તથા યાર્ડમાં આવેલ તમામ વાહનોમાં વિનામૂલ્યે રેડીયમ પટ્ટીઓ લગાવી આપેલ તથા વાહન ચલાવતી વખતે સીટબેલ્ટ બાંધવા, હેલ્મેટ પહેરવા, મોબાઈલનો ઉપયોગ ન કરવા તથા ટ્રાફિક નિયમોનું ચૂસ્તપણે પાલન કરી સહયોગ આપવા અનુરોધ કરેલ. આ સેમિનારમાં યાર્ડમાં આવેલ બહોળી સંખ્યામાં ખેડૂતો તથા વાહન ધારકોએ ઉપસ્થિત રહીને માર્ગદર્શન મેળવી ૩૩માં રાષ્ટ્રીય રોડ સેફટી વીક કાર્યક્રમને સારો એવો પ્રતિસાદ આપેલ તેમ બજાર સમિતિના સેક્રેટરી તુષાર હપાણીએ એક અખબાર યાદીમાં જણાવેલ.




## વરૂડી ગામની સીમમાં વીજપોલ સાથે દોરી બાંધી ખેડૂત યુવકે કર્યોઆપઘાત

અમરેલી તાલુકાના વરૂડી ગામે રહેતા અને ખેતીકામ કરતા અરૂણભાઈ ભરતભાઈ ગોજારીયા નામના ૩૧ વર્ષીય ખેડૂત યુવકે તા. ૧૬ના રોજ સાંજના સમયે વરૂડી ગામની સીમમાં આવેલ વાડીએ ઈલેક્ટ્રીક ટીસી રાખેલ બન્ને થાંભલાની લોખંડની એંગલ સાથે દોરી બાંધી પોતાની મેળે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતાં ખેડૂત યુવકનું મોત નિપજયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ખીસરી ગામે રહેતી પરિણીતાએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા અરેરાટી

ધારી તાલુકાના ખીસરી ગામે રહેતા સવિતાબેન ભગુભાઈ વાઘેલા નામની ૩૫ વર્ષીય પરિણીતા તા.૧૬ના રોજ મજુરી કામે ગયા બાદ સાંજે પોતાના ઘરે પરત આવેલ અને બાદમાં કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા બેભાન હાલતમાં અમરેલી ખાનગી દવાખાને અને બાદ સરકારી દવાખાને ખસેડાતા તેણીનું મોત નિપજયાનું ધારી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

# મોરબીમાં વોટસએપ કોલ કરી યુવકને ધમકાવી રૂપિયાની માંગણી કરનાર ચાર ઝડપાયા

મોરબી, તા. ૧૯

હળવદ તાલકાના જુના દેવળિયા ગામના રહેવાસી યુવાનને વ્હોટસએપ કોલ કરીને કાર લોન મામલે ફોન પર વાત કરતા તેનો ગેરલાભ લઈને ત્રણ ઈસમોએ દસ લાખ રૂપિયાની માંગણી કરી રૂપિયા નો આપે તો દીકરાને ઉપાડી જવાની ધમકી આપી હતી જે બનાવ મામલે યુવાને મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી જે પ્રકરણમાં ચાર ઈસમોને ઝડપી લીધા છે તો અન્ય એક આરોપીની શોધખોળ ચલાવી છે.

હળવદના જુના દેવળિયા ગામના રહેવાસી અને જેતપર ગામે દુકાન ધરાવતા કૃણાલ વિનોદભાઈ અઘારા (ઉ.વ.૨૪) નામના યુવાને પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે આજથી દોઢ બે માસ પૂર્વે વોટસએપ કોલ કરીને પ્રિયાબેન રાજકોટ દ્વારકેશ ઓટોલીંક નામની ફાયનાન્સ પેઢીમાંથી બોલતા હોવાની ઓળખ આપી કાર લોન બાબતે ફોન કરતા હતા અને અવારનવાર ફોન પર વાત કરતા તે બાબતનો ગેરલાભ ઉઠાવીને આરોપી શ્યામ રબારી રહે રાજકોટ વાળાએ ફોન કરી કૃણાલ અઘારાએ ફોન પર ધમકાવી ગાળો આપી તું મારી પત્ની સાથે ફોન પર કેમ વાતો કરે છે કહીને ઘરેથી ઉપાડી જઈશ કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને આરોપી જયદીપસિંહ મહેન્દ્રસિંહ જાડેજા તેમજ રવિ દિલીપ ખટાણા વચ્ચે પડી મુખ્ય આરોપી શ્યામ રબારી સાથે સમાધાનની વાત થઈ ગયેલ છે અને દસ લાખ તેને ચૂકવી દીધા છે જે રૂપિયા તારે આપવા પડશે કહીને ધમકી આપી હતી જેથી ફરિયાદી યુવાને મોબાઈલ ફોન બંધ કરી દેતા પિતાના મોબાઈલ પર ફોન કરી દીકરાનું સમાધાન કરાવેલ છે તેના રૂપિયા દસ લાખની માંગણી કરી દીકરાને ઉપાડી જઈને મારી નાખશું તેવી ધમકી આપી હતી.



# ચલાલાની પવિત્ર ભૂમિ ઉપર પરમવંદનીય સંત શ્રી હરિરામબાપાનાં નામકરણ સાથે સર્કલનું ભૂમિપૂજન

અમરેલી,

પરમવંદનીય સંતશ્રી હરીરામબાપા એ તેમના જીવનકાળ દરમિયાન અમરેલી જિલ્લાની કર્મભૂમિ તરીકે કાર્ય કરી આ જિલ્લાના વિવિધ કેન્દ્રોમાં હરી કિર્તન કરી બહોળા ચાહકવર્ગને ભોજન અને ભજનનો અનન્ય લાભ આપેલ હતો.

અંશાવતાર પૂ. શ્રી દાન મહારાજની તપોભૂમિ એવા ચલાલા દાનેવધામ નગરી પણ અવાર નવાર પૂ. દાન મહારાજની જગ્યામાં આવી તત્કાલીન મહંત પૂ. શ્રી વલકુબાપુ સાથે પણ ભકિતભાવનો સત્સંગ કરેલ છે.

પૂ. દાન મહારાજની આ તપોભૂમિ ઉપર પૂ. હરીરામબાપાની સ્મૃતિ કાયમી રહે તે માટે ચલાલા નગરપાલીકાની સમગ્ર ટીમ તથા ધારી બગસરા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયાના સક્રિય પ્રયાસોથી શાકમાર્કેટમાં ચલાલા પોલીસ સ્ટેશનની સામે પૂ. હરીરામબાપા ચોકનુંનામાભિકરણ કરી તેમના નામનું સર્કલ બનાવી પૂ. હરીરામબાપાનું તૈલ ચિત્ર પધરાવવાનો નિર્ણય કરેલ છે.

જે અન્વયે તા.૧૯/૦૧ને ગુરૂવારના રોજ સવારે ૯:૩૦ કલાકે પૂ. દાન મહારાજની જગ્યાના મહંત શ્રી મહાવીરબાપુ તથા યુગ નિર્માણ ગાયત્રી પરિવારના પૂ. રતીદાદા મહેતાના આર્શીવચનો સાથે પૂ. હરીરામબાપા સર્કલના નિર્માણના કાર્યના પ્રારંભ નિમિતે ખાતમુર્હુત સુધી ચલાલા નગરપાલીકાના પ્રમુખ ગીતાબેન પ્રકાશભાઈ કારીયા, ઉપપ્રમુખ જયરાજભાઈ વાળા તથા કારોબારી સમિતિના ચેરમેન ચંપાબેન ગેડીયા તથા ચલાલા નગરપાલીકાના તમામ સદસ્યો અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં ખાતમુર્હુત વિધી હાથ ધરાયેલ છે.

# અમરેલીમાં 'ઈફકો'નાં સહયોગથી ગરમ ધાબળાનું વિતરણ

અતુલ કારીયા અમરેલી,

ઈફકો માત્ર સહકારી પ્રવૃતિનું જ માધ્યમ નહિં પરંતુ સામાજીક સેવા પ્રવૃતિઓમા પણ અગ્રેસર રહી કામ કરી રહેલ છે જેમા છેલ્લા કેટલાક દિવસથી હાડ થીજાવે તેવી કડકડતી ઠંડી સામે રક્ષણ મેળવવા ઈફકો દ્વારા દિલીપ સંઘાણીના માર્ગદર્શન તળે શહેરના વિવિધ વિસ્તારોના જરૂરતમંદોને બ્લેક્રેટ વિતરણ કરીને ઠંડીમા માનવતાની હૂંફ પ્રસરાવી છે. શહેરના રામજી મંદિર ચોક વિસ્તારના ભીક્ષુકો સહિતના અન્ય વિસ્તારોના લોકો કે, બ્લેક્રેટ વિતરણ કરવામા આવેલ આ તકે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, વા. ચેરમેન મુકેશભાઈ સંઘાણી, એમ.ડી. ડો. આર.એસ. પટેલ, જનરલ મેનેજર ધાર્મીકભાઈ રામાણી, ભાજપ અગ્રણીતુષારભાઈ જોષી, રાજેશભાઈ માંગરોળીયા, નગર પાલીકા કારોબારી સમિતિના ચેરમેન સુરેશભાઈ શેખવા, હરિભાઈ બાંભરોલીયા, અશોકભાઈ જોગાણી, ઋજુલભાઈ ગોંડલીયા, ઈફકોના ફીલ્ડ ઓફીસર પ્રતિકભાઈ રામાણી સહિતના લોકો આ તકે ઉપસ્થિત રહયા હોવાનું સંસ્થાની અખબારી યાદીમા જણાવાયેલ છે.



# રાજકોટ મનપાની જનરલ બોર્ડમાંથી વિપક્ષનું વોકઆઉટ : ૩૫ પ્રશ્નોની ચર્ચા

## કુલ ૩૩ પ્રશ્નોમાંથી માત્ર બે જ પ્રશ્નોની ચર્ચા : ૬૪ સભ્યો ઉપસ્થિત રહ્યા ૬ ગેરહાજર રહ્યા







તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,: રાજકોટ મનપાની સામાન્ય સભા સામાન્યજ ૩૩ પ્રશ્નોમાંથી માત્ર બે જ પ્રશ્નોની ચર્ચા ચર્ચા બાદ પૂર્ણ થઈ હતી. જેમાંથી વોર્ડ નં. ૧૪ના કોર્પોરેટર ભારતીબેનના લાયબ્રેરી અંગેના પ્રશ્નએ જ મોટાભાગનો સમય લીધો હતો. જયારે આરોગ્યને લગતા પ્રશ્નને ચર્ચા માટે ટૂંકો સમય મળ્યો હતો. સભાની શરૂઆત વંદે માતરમ ગાનથી થયેલ. જ્યારે અંતમાં ગુજરાતમાં ભાજપ ફરી સત્તારૂઢ થતા અને ભારતને જી-૨૦ દેશોનું અધ્ય ક્ષપદ મળતા ભૂપેન્દ્રનભાઈ તથા નરેન્દ્ર ભાઇને અભિનંદન ઠરાવ સાથે સભા સમાપ્ત થઇ હતી.

રાજકોટ મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ આજે મળ્યું હતું. જેમાં ચૂંટણીને કારણે પેન્ડિં ગ તેમજ તાજેતરમાં મળેલી સ્ટેરન્ડિંનગમાં લેવાયેલા નિર્ણયો સહિતની ૧૭ દરખાસ્તપ મૂકવામાં આવી હતું પરંતુ બોર્ડ શરૂ થયું તેની થોડી જ વારમાં વિપક્ષી નેતા અને કોર્પોરેટર ભાનુબેન સોરાણીએ વોક આઉટ કર્યું હતું અને મીડિયાને જણાવ્યું હતું કે,'એક જ પ્રશ્નની કલાક સુધી ચર્ચા કરે છે,બહાર નીકળે તો જનતાની પરેશાની દેખાય ને!'

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સામાન્ય રીતે દર બે મહિને જાય છે તેમાં પણ એકમાત્ર લાઈબ્રેરીની જ એક કલાક સુધી ચર્ચા ચાલે છે અન્ય કોઈને બોલવાનો મોકો નથી મળતો ને માત્ર ભાજપના કોર્પોરેટરો લાઈબ્રેરીની રસ ચર્ચા કર્યા કરે છે રાજકોટમાં અત્યાછરે રોગચાળો વધે છે જનતા બીમારીનો સામનો કરી રહી છે તેની ચર્ચા તો જનરલ બોર્ડમાં કરવામાં જ નથી આવતી. અનેક સ્થ?ળોએ પીવાનું પાણી ગંદુ આવે છે તો તેની ચર્ચા કોણ કરશે આ બધી સમસ્યા ઓ અંગે જનરલ બોર્ડમાં ચર્ચા કરવી જોઈએ તેની તો કોઈ ચર્ચા નથી કરતો. આ સિવાય અમે જે પ્રશ્નો રજૂ કરીએ છીએ તેને પણ તેને લેવામાં નથી આવતા. આજ કારણથી આજે અમે લોકોએ વોક આઉટ કર્યું છે.

મનપાના સેન્ટ્રઅલ ઝોન કચેરી ખાતે રમેશભાઈ છાયા ઓડીટોરીયમ ખાતે સવારે ૧૧ વાગ્યે યોજાયેલ સામાન્યર સભાનો પહેલો પ્રશ્ન વોર્ડ નં. ૧૪ના ભાજપના નગરસેવિકા ભારતીબેન દ્વારા શહેરમાં ચાલતી લાયબ્રેરી અંગે પૂછવામાં આવ્યોન હતો. જેમાં શહેરમાં કુલ કેટલી લાયબ્રેરીઓ છે ?, ફરતી લાયબ્રેરીની સંખ્યાં, સભ્યો। કેટલા, ફીનું માળખુ, પુસ્તરકોની સંખ્યાો, કુલ ખર્ચ સહિતની વિગતો અધિકારીઓ પાસેથી માંગી હતી.

આ પ્રશ્નના જવાબમાં કમિશનર અમિત અરોરાએ વિગતો આપી હતી. જેમાં ફરતી લાયબ્રેરીના શહેરમાં કુલ ૩૨ સ્ટોપ છે. જેમાં સૌથી વધુ વોર્ડ નં. ૧૦માં સ્ટોપિ છે.

ઉપરાંત શહેરની લાયબ્રેરીઓમાં ૨ લાખથી વધુ પુસ્તાકો છે. કર્મચારીઓ, વાહનો અને અન્યથ મળીને ૨૯ લાખથી વધુનો વાર્ષિક ખર્ચ થાય છે. ઉપરાંત ઈસ્ટશ ઝોનમાં નવી અદ્યતન લાયબ્રેરીનું કામ પૂર્ણતાના આરે હોવાનું પણ કમિશનરે વિગતો આપતા જણાવેલ.

જયાહરે બીજો પ્રશ્ન પણ ભારતીબેન દ્વારા આરોગ્યરની માહિતી માંગતો કરવામાં આવ્યોન હતો. જેમાં કેટલાક ફરતા દવાખાના કાર્યરત છે, છેલ્લા ૬ માસમાં કેટલા લોકોએ લાભ લીધો, કઈ-કઈ તપાસ કરવામાં આવે છે. વગેરે બાબતો અંગે જાણકારી માંગતા અધિકારીઓએ છેલ્લા છ માસમાં ૪ હજારથી વધુ લોકોએ લાભ લીધો હોવાનું જણાવી શહેરમાં ફરતી બે ડીસ્પે ન્સછરીમાં તાવ, શરદી, ઉધરસ, પેટની તકલીફો તથા ચામડીના રોગોની પ્રાથમિક તપાસ કરવામાં આવે છે અને જરૂર લાગ્યે દર્દીને વધુ સારવાર માટે રીફર પણ કરાય છે.

બોર્ડમાં ભાજપના ૬૮ પૈકી ૬૨ તથા કોંગ્રેસના ૨ સહિત કુલ ૭૦ પૈકી ૬૪ સભ્યોન ઉપસ્થિ ત રહ્યા હતા. ભાજપના ૫ કોર્પોરટરોએ અગાઉથી રજા રીપોર્ટ આપ્યાદ હતા જયારે એક સભ્ય ગેરહાજર રહ્યા હતા.

# ગીર-સોમનાથમાં જિલ્લા સેવાસદન ઈણાજ ખાતે એવાર્ડ ટુ ગુડ સમરીટન કાર્યક્રમ યોજાયો

## માર્ગ સલામતી ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપતા જિલ્લાના ૫ વ્યક્તિઓનું સન્માન કરાયુ




વેરાવળ, માર્ગ અકસ્માતોમાં ગંભીર રીતે ઘવાયેલા વ્યક્તિઓને ગોલ્ડન અવરમાં હોસ્પિટલ/ટ્રોમા-કેર સેન્ટરમાં પહોચાડનાર પરોપકારી/મદદગાર વ્યક્તિઓને એવાર્ડ ટુ ગુડ સમરીટન થી સન્માનિત કરવા માટેની કેન્દ્રીય પુરસ્કૃત યોજના અમલી છે. જે અન્વયે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલના અધ્યક્ષસ્થાને તાપી સમીતી ખંડ, ગાંધીનગર ખાતેથી સ્કીમ ઓફ એવાર્ડ ટુ ગુડ સમરીટન નું રીલોન્ચીંગ કાર્યક્રમ યોજાયો હતો. જેના ભાગરૂપે ગીર-સોમનાથમાં જિલ્લા સેવાસદન ઈણાજ ખાતેથી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રામીબહેન વાજા, કલેકટર શ્રી રાજદેવસિંહ ગોહીલ વર્ચ્યુઅલી આ કાર્યક્રમમાં જોડાયા હતા.

આ તકે પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલ વ્યક્તિઓને પ્રથમ કલાક માં વ્યક્તિને તાકીદની સારવાર મળી રહે તે માટે રાહદારીઓ/વાહનચાલકો અથવા કોઇ અન્ય વ્યક્તિ દ્વારા ગંભીર ઈજાગ્રસ્તોને નજીકના હોસ્પિટલમાં પહોચાંડવામાં મદદરૂપ થવાની ઈજાગ્રસ્તોની અમુલ્ય જીંદગીનો બચાવ કરી શકાય છે. સરકારશ્રીએ આવા વ્યક્તિઓને પુરસ્કૃત કરવાની યોજના અમલી બનાવી છે જે ધન્યવાદને પાત્ર છે. કલેકટરશ્રીએ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, માર્ગ અકસ્માતની સંખ્યા અને તેમા થતા માનવ મૃત્યુ તેમજ ગંભીર ઈજાઓના પ્રમાણ ઘટાડવાની દરેક જિલ્લા અને શહેર માર્ગ સલામતી સમિતિઓની નૈતિક જવાબદારી છે. જિલ્લામાં આ પ્રમાણ ઘટાડવામાં મદદરૂપ થતા વ્યક્તિઓને તેઓશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ એ.આર.ટી.ઓ. શ્રી વાઘેલાએ આ યોજનાની વિસ્તૃત જાણકારી આપતા જણાવ્યું હતું કે, માર્ગ અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્તોને જે પરોપકારી/મદદગાર વ્યક્તિ મદદરૂપ બને તો તેમના માનવીય અભિગમ સાથેની મદદને બીરદાવા અને પ્રોત્સાહિત કરવા માટે આ યોજના અમલી બનાવી છે.

ઉપરાંત આ કાર્યક્રમમાં પ્રતાપભાઇ ગોવિંદભાઇ પરમાર, મુકેશભાઇ મેઘજીભાઇ, હરેશભાઇ જીવાભાઇ બાંભણીયા, બાબુભાઇ દેવાભાઇ રામ અને ભગવાનભાઇ જેશાભાઇ બાંભણીયાને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સ્કીમ ઓફ એવાર્ડ ટુ ગુડ સમરીટન યોજના અંતર્ગત પુષ્પગુચ્છ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા.

આ તકે અધિક કલેકટરશ્રી બી.વી.લીંબાસીયા સહિત સ્વૈચ્છીક સંસ્થાના પ્રતિનિધીઓશ્રી, માર્ગ સલામતી સાથે સંકળાયેલ વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા આવેદનપત્ર પાઠવાયું

યજ્ઞેશ ભટ્ટ જુનાગઢ

જૂનાગઢ, વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ દ્વારા રાષ્ટ્રપતિને સંબોધીને જીલ્લા કલેકટરને એક આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.



જેમાં આસામના કરીમગંજ જિલ્લાના લોવિરપુરામાં બજરંગ દળના એક ૧૬ વર્ષના કાર્યકર્તા શંભુ કૈરીની એક જિહાદી દ્વારા હત્યા કરવામાં આવી. છેલ્લા બે વર્ષમાં બજરંગ દળના ૯ કાર્યકર્તાઓની હત્યા કરવામાં આવી અને ૩૨ કાર્યકર્તાઓ ઉપર હુમલા કરવામાં આવ્યા તેમજ હાલમાં જે ઘટના દિલ્હીમાં બની છે ત્યાંના બે હત્યારાઓએ એક હિન્દુની નિર્મમ હત્યા કરી તેના ૩૨ ટુકડા કર્યા. તેમજ જમ્મુ-રાજોરીના ડાંગરી ગામમાં જીહાદિ હમલાખોરોએ દીપક પિંસ સહિત સાત હિન્દુઓની નિર્મમ હત્યા કરી. આ વિષયના અનુસંધાને રાષ્ટ્રપતિને સંબોધીને જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું

જેમાં બજરંગદળ સંયોજક વિપુલ આહીર, મંત્રી જયેશ ખેસવાણી, સહમંત્રી વિપુલ રાવત, જીજ્ઞેશ આજકીયા, માધવ પ્રખંડ મંત્રી જુગલ વૈષ્ણવ તેમજ સૌરાષ્ટ્ર પ્રાંત પ્રચાર પ્રસાર સહ સંયોજક હિરેન રૂપારેલીયા, વિભાગ બજરંગદળ સંયોજક સંદીપ ઠેસીયા,તેમજ અન્ય કાર્યકર્તાઓ જોડાયા હતા

# સોમનાથ બાયપાસ હાઈવે પરના બ્રીજ ઉપર કાર- ટ્રક અથડાઈ :કારચાલકનો બચાવ

વેરાવળ, વેરાવળ-સોમનાથ બાયપાસ હાઈવે ઉપર પુરપાટ આવતા ટ્રકે આગળ જઈ રહેલી બ્રેઝા કારને અડફેટે લઈ બુકડો બોલાવી દીધો હતો. આ કાર ચલાવી રહેલા વિસાવદરના વેપારીને ફ્રેકચરની ગંભીર ઈજાઓ પહોંચતા સીવીલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે ઘટનાસ્થળે ટ્રક અને બ્રીજની દિવાલ વચ્ચે બુકડો બોલી ગયેલી બ્રીઝા કારના દશ્યો નિહાળી સૌ કોઈ અકસ્માત કારમાં સવાર લોકોનું મૃત્યુ થયું હોવાનો અંદાજ લગાવી રહ્યાં હતા, પરંતુ રામ રાખે તેને કોણ ચાખે તે કહેવતને સાર્થક કરતા આ અકસ્માતમાં સદનસીબે વેપારીનો આબાદ બચાવ થયો હતો. આ અકસ્માત અંગે પોલીસે



ટ્રકના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અકસ્માતની પ્રાપ્ત વિગતો મુજબ ગઈકાલે ચારેક વાગ્યા આસપાસ લગ્ન પ્રસંગ પતાવીને વિસાવદરના વેપારી શ્યામદાસ મથુરાદાસ ચોટાઈ પોતાની મારૂતિ બ્રેઝા કારમાં પરત ઘર તરફ જઈ રહ્યાં હતા. ત્યારે સોમનાથ બાયપાસ હાઈવે પર હોટલ એસ્ટોરિયા સામે બ્રિજ ઉપરથી પસાર થઈ રહેલી તે સમયે પાછળથી પુરપાટ આવતા ટ્રકે વેપારીની કારને પાછળથી જોરદાર ટક્કર મારી અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. જેના પગલે રાહદારીઓ એકત્ર થવા લાગતા ટ્રકનો ચાલક ટ્રક રેઢો મુકી નાસી ગયો હતો.

આ અકસ્માતમાં ટ્રકે બ્રેઝા કારને પાછળથી અડફેટે લીધી હોવાથી બ્રીજની દિવાલ અને ટ્રકની વચ્ચે કાર સેન્ડવીચની માફક ફસાઈ જતા બુકડો બોલી ગયો હતો. આ સમયે કાર ચલાવી રહેલા વેપારી શ્યામદાસ ચોટાઈ પણ ફસાયેલા હોય જેઓને રાહદારી લોકોએ બહાર કાઢીને સારવાર અર્થે સીવીલ હોસ્પીટલએ લઈ ગયા હતા. જયાં ફરજ પરના તબીબે સારવાર કરતા ફ્રેકચરની ઈજાઓ પહોંચી હોવાનું જણાતા રીફર કરવામાં આવ્યા હતા. આ અકસ્માત અંગે વેપારીની ફરિયાદના આધારે પોલીસે નાસી ગયેલા ટ્રક ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢના દોલતપરામાં શુક્રવારે ભરાતી બજાર બંધ કરાવો : વેપારીઓની માગ

જુનાગઢ

જૂનાગઢના દોલતપરા વિસ્તારમાં ભરાતી શુક્રવારી બજારનો વિરોધ થયો છે. મહાનગરપાલિકા અને પોલીસ વિભાગને ભાજપના કોર્પોરેટર અને વેપારીઓએ રજૂઆત કરી હતી. પરંતુ કામગીરી ન થતા ફરી એકવાર મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરી શુક્રવારી બજાર બંધ કરાવવા માંગ કરવામાં આવી હતી.



જૂનાગઢના દોલતપરા વિસ્તારમાં દર શુક્રવારે ગુજરી બજાર ભરાય છે. આ ગુજરી બજારનો વિરોધ સ્થાનિક વેપારીઓએ કર્યો છે. કેમ કે આ વિસ્તારમાં ગુજરી બજાર ભરાતા અસામાજિક તત્વોનો ત્રાસ ટ્રાફિક સમસ્યા સહિતની સમસ્યાનો સામનો લોકોને કરવો પડતો હોય છે. તેના કારણે થોડા દિવસ અગાઉ ભાજપના કોર્પોરેટરો અને વેપારીઓએ મહાનગરપાલિકા અને પોલીસ વિભાગને આ બજાર બંધ કરાવવા માંગ કરી હતી. પરંતુ શુક્રવારે પણ આ બજાર ભરાતા સ્થાનિક વેપારીઓએ બજાર બંધ કરાવી હતી.

આવતીકાલે શુક્રવાર હોવાથી આ શુક્રવારે બજાર ના ભરાય તે માટે ફરી ભાજપના એક નંબર વોર્ડના કોર્પોરેટર અને વેપારીઓએ મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરી છે કે, દબાણ શાખાની ટીમ દ્વારા આ બજાર બંધ કરાવવામાં આવે, જો આ બજાર બંધ નહીં કરાવવામાં આવે તો સ્વૈચ્છિક રીતે વેપારીઓ ધંધા રોજગાર બંધ કરીને બજાર બંધ કરાવશે

**Rajkot Municipal Corporation**

**:: e-Tender Notice ::**

Rajkot Municipal Corporation, Water Works Department, Dr. Ambedkar Bhavan, Central Zone, Dhebarbhai Road, Rajkot-360001, from the experienced contractors registered in **'D'** Class / Equivalent Class in GWSSB / State Government / Central Government for following works, under Rajkot Water Works Project

Name of work:

[1] REPLACEMENT OF FILTER MEDIA FOR, FILTER PLANT NO 2 AND 3 OF EXISTING SLOW SAND FILTER PLANT AT AJI -1 WATER TREATMENT PLANT

[2] Augmentation of Work at Aji Filter Plant –2(11.35 MLD)Compressor System

e-Tender No.: RMC/WW/AJI-1 WTP [1] REPLACEMENT OF FILTER MEDIA [2] Augmentation of Work at Aji Filter Plant –2(11.35 MLD) Compressor System (Rs. 54,55,000/-) A Pre-Bid Meeting will be held on **27-01-2023** at **1200** Hours for the work at ACE-WW office-Central Zone RMC. The dates for downloading and online submission of online eTender at www.rmc.nprocure. com is **20-01-2023 to Dt. 09-02-2023** upto 17.00 and 18.00 Hours respectively.

**Sd/-**
**ADDL. CITY ENGINEER**
**WW PROJECTS – RMC**

**જાહેર નોટીસ કમ ચેતવણી**

હું નીચે સહી કરનાર **વાલજીભાઈ મોહનભાઈ સોજીત્રા,** રહે. મું. છત્તર, તા. ટંકારા, જી. મોરબી વાળા તે આથી લાગતા વળતા સર્વેને આ જાહેર નોટીસથી ચેતવણી આપવામાં આવે છે કે બાજુમાં દર્શાવેલ ફોટાવાળી વ્યકિત મારો નાનો પુત્ર **શ્રી રાકેશ વાલજીભાઈ સોજીત્રા** તથા તેમની પત્નિ અને બાળકો અમારાથી અલગ રહે છે. મારો નાનો પુત્ર તથા પુત્રવધુ અને તેના સંતાનો સાથે અમારે કોઈપણ જાતનો સબંધ નથી અને તેઓ અમારાથી સ્વતંત્ર અલગ જીવન જીવે છે અને મારી સ્થાવર-જંગમ મિલ્કતમાં તેનો કોઈપણ પ્રકારનો હક્ક, હીત, હીસ્સો નથી. તેઓ સાથે અમારા નામે કોઈપણ વ્યકિત કે ઈસમએ તેમની સાથે આર્થિક, નાણાંકીય, સામાજીક કે કૌટુંબીક વ્યવહાર કરવો કે કરાવવો નહીં અને તેમ છતાં જો કોઇ વ્યકિત કે ઈસમ આવો કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તો તેની કોઈપણ પ્રકારની જવાબદારી અમારી કે અમારા પરિવારની રહેશે નહીં. જેની આથી તમામ જાહેર જનતા તથા લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.



રાજકોટ : ૨૦-૧-૨૦૨૩

મારી સુચનાથી...**વાલજીભાઈ મોહનભાઈ સોજીત્રા**

મો.નં.૯૪૨૬૭૮૨૪૨૦

# ગીર સોમનાથ જિલ્લામાં નાળિયેરીમા થતી સફેદમાખીનો ઉપદ્રવને અટકાવવા માટેના ઉપાયો

વેરાવળ, ગીર સોમનાથ જિલ્લામાં નાળિયેરી બગીચા ધરાવતા ખેડુતોને સફેદમાખી ( રૂગોસ સ્પાયરલિંગ વ્હાઇટ ફલાય )ના ઉપદ્રવને અટકાવવા માટે બાગાયત વિભાગ દ્વારા પગલાઓ લેવા માટે ખેડૂતોને અનુરોધ કરવામા આવે છે.

જિલ્લામાં નાળિયેરીના બગીચા ધરાવતા ખેડૂતોને સફેદમાખીના (રૂગોસ સ્પાયરલિંગ) અસરકારક નિયંત્રણ માટે બ્યુવેરીયા બાસીયાના ૧.૧૫ ડબલ્યુ.પી. ( ન્યુનતમ ૧ ટ ૧૦૮ સીએફયુ/ગ્રા.) ૦.૦૦૯% ( ૮૦ ગ્રા./૧૦ લીટર પાણી ) અથવા આયસેરીયા ફૂમોસોરોસિયા ૧.૧૫ ડબલ્યુ.પી. ( ન્યુનતમ ૧ ટ ૧૦૮ સીએફયુ/ગ્રા.) ૦.૦૦૯% ( ૮૦ ગ્રા./૧૦ લીટર પાણી ), સ્ટાર્ચ ૧% ( ૧૦ ગ્રા./લીટર પાણી ) સાથે પ્રથમ છંટકાવ જીવાતનો ઉપદ્રવ શરુ થયે અને ત્યારબાદ બીજો અને ત્રીજો છંટકાવ, પ્રથમ છંટકાવના ૧૦ દિવસના અંતરે કરવો.

સૌરાષ્ટ્ર આજતક Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

# શિક્ષણ ક્ષેત્રે અનેક ફેરફારો કરવા ભારત સરકાર મક્કમ

શાળાઓ અને કોલેજોમાં શિક્ષણ માટેની નવી નીતિ તૈયાર કરવામાં આવી છે. ભારત સરકારે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૩ શરૂ કરી છે, જે અંતર્ગત સરકારે શિક્ષણ નીતિમાં ઘણા મોટા ફેરફારો કર્યા છે. જે અંતર્ગત ભારતને વૈશ્વિક જ્ઞાન મહાસત્તા બનાવવામાં આવશે અને હવે માનવ સંસાધન પ્રબંધન મંત્રાલય રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળ શિક્ષણ મંત્રાલય તરીકે ઓળખાશે. શાળા શિક્ષણમાં ૧૦૦% GR સાથે, પૂર્વ-શાળા માધ્યમિક શાળા સુધી શિક્ષણનું સાર્વત્રિકકરણ કરવામાં આવશે, અગાઉ ૧૦+૨ ની પેટર્ન અનુસરવામાં આવતી હતી. પરંતુ હવે નવી શિક્ષણ નીતિ હેઠળ ૫+૩+૩+૪ પેટર્ન ફોલો હશે. અને આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઘોષણાપત્રમાં પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

જૂન ૨૦૨૧ થી National Education Policઅ ની સફળતા પર દેખરેખ રાખવા માટે લાઈવ ડેશબોર્ડ શરૂ કરવામાં આવશે. આ યોજના હેઠળ, કોલેજ અને યુનિવર્સિટી સ્તરે નીતિગત ફેરફારો અમલીકરણ પછી ઉમેરવામાં આવશે. શિક્ષણ મંત્રાલય દ્વારા ૧૮૧ કાર્યોની ઓળખ કરવામાં આવી છે, જે શિક્ષણ નીતિ હેઠળ પૂર્ણ કરવાના રહેશે.

અંડરગ્રેજ્યુએટ અને ગ્રેજ્યુએટ કોર કોર્સમાં વિષય વિકલ્પ, પ્રાદેશિક ભાષા શ્રેષ્ઠ શિક્ષણ, યુનિવર્સિટીની ડિગ્રીમાં પ્રવેશ અને ઉપાડની સુવિધા, ક્રેડિટ બેંક સિસ્ટમ વગેરે સમાવેશ થાય છે. કર્ણાટક, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને ગોવાની સરકારો દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિના એક્શન ૧નો અભ્યાસ કરવા અને પડકારોને સરળ બનાવવા માટે એક ટાસ્ક ફોર્સની સ્થાપના કરવામાં આવશે. શિક્ષણ મંત્રાલય દ્વારા માસિક અને ત્રિમાસિક ધોરણે ડેશબોર્ડની સ્થાપના કરવામાં આવશે. દરેક ક્રિયાને મોનિટર કરવા અને ટ્રેક કરવા માટે એક મર્યાદા નક્કી કરવામાં આવશે જેની માહિતી રાજ્ય એજન્સીને આપવામાં આવશે. ભારતની નવી શિક્ષણ નીતિ ખાસ કરીને ચાર તબક્કામાં કામ કરશે, જેમાં ૫ + ૩ + ૩ + ૪ ની પેટર્નનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓના શિક્ષણને આગળ વધારવામાં આવશે. આ નવી પેટર્ન હેઠળ ૧૨ વર્ષનો શાળાકીય અભ્યાસ અને ૩ વર્ષનો શાળાકીય અભ્યાસ સામેલ છે. નવી શિક્ષણ નીતિ ૨૦૨૨ સરકારી અને ખાનગી શાળા સંસ્થાઓ બંને દ્વારા અનુસરવામાં આવશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલ માટે જીડીપીના ૬% ખર્ચ કરવામાં આવશે.સંસ્કૃત અને ભારતની અન્ય પ્રાચીન ભાષાઓનો અભ્યાસ કરવાનો વિકલ્પ પણ હશે, વિદ્યાર્થીઓ ઈચ્છે તો અન્ય ભાષાઓનો અભ્યાસ કરી શકે છે.બોર્ડની પરીક્ષાઓમાં પણ ફેરફાર કરવામાં આવશે, એવું બની શકે છે કે વિદ્યાર્થીઓ પર બોજ ઘટાડવા માટે બોર્ડની પરીક્ષા વર્ષમાં બે વખત લેવામાં આવે.અભ્યાસને સરળ બનાવવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવશે.ઉચ્ચ શિક્ષણમાંથી એમફીલની ડિગ્રી નાબૂદ કરવામાં આવી રહી છે.મેન સિવિલિસમાં વધારાની પરિપત્ર પ્રવૃત્તિઓ મૂકવામાં આવશે.વિદ્યાર્થીઓને ચાઈનીઝ ભાષા શીખવવામાં આવશે જેનો નિર્ણય રાજ્યો પોતાના સ્તરે કરશે.નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ દ્વારા શાળા શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક તૈયાર કરવામાં આવશે.નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ દ્વારા શાળા શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક તૈયાર કરવામાં આવશે. ધોરણ ૧ના પ્રવેશમાં વય મર્યાદા ૬ વર્ષ રાખવાનો મુદ્દો કેન્દ્ર સ્થાને છે. ગુજરાત રાજ્યમાં આગામી સમયમાં નવી ભરતી થવાની સંભાવના છે. આ ઉપરાંત જી-૨૦ના આયોજન અંગે પણ વાતચીત થઈ શકે છે. ધોરણ ૧માં પ્રવેશ અંગે થઈ શકે છે નિર્ણય ગુજરાતમાં રાજ્યમાં આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને વિવિધ મુદ્દે ગાંધીનગર ખાતે કેબિનેટ બેઠક યોજાવાની છે. આ બેઠકમાં રાજ્યમાં નવી શિક્ષણ નીતિના મુદ્દે ચર્ચા થશે. આ બેઠકમાં ખાસ ગુજરાત રાજ્યમાં ધોરણ ૧માં પ્રવેશ માટેની મર્યાદા અંગે પણ ચર્ચા થઈ શકે છે. છેલ્લા ઘણા સમયથી આ મુદ્દો કેન્દ્રસ્થાને હતો આજે આ બેઠકમાં નિર્ણય આવી શકે છે. નવી શિક્ષણ નીતિ પ્રમાણે રાજ્યમાં ધોરણ ૧માં પ્રવેશ માટે ૧ જૂન ૨૦૨૩ના રોજ ઓછામાં ઓછી ૬ વર્ષની જેની ઉંમર હોય તેવા જ વિદ્યાર્થીને એડમિશન આપવામાં આવશે.

# તેજોમય તખ્તેશ્વરની દિવ્યતા માણતું જન મન....

## ફ્રાઈડે ફોટો સ્ટોરી

-જયદીપ એ. દવે

આધ્યાત્મિકતા ના આભ માં અદભુત રીતે ઝળહળતા નામ સમાન ભાવેણા નું તખ્તેશ્વર ના મંદિર ના પરિસર માં સાંજ પડે જાણે આધ્યાત્મિકતા અને અલૌકિકતા નું અદભુત સાયુજ્ય રચાય છે ત્યારે ઉપસ્થિત લોકો માટે આ દ્રશ્ય તેના મન ના મેમરી કાર્ડ માં થી ડીલીટ કરવું અશક્ય હોય છે. આવી જ એક સાંજે સૂર્ય ના સોનેરી કિરણો ઓઢી ને અદભુતતા ધારણ કરેલા મંદિર ના પવિત્ર પરિસર માં પોતાના સંતાન ને ધર્મ સંસ્કાર નું અમૃત પીવડાવી પ્રદક્ષિણા કરતા પિતા અને આ અલૌકિક ક્ષણો ને પોતાના સ્મૃતિ પટ ની સાથે કેમેરા માં પણ કેદ કરી લેવા પોતાની દીકરી ને ક્લિક કરતી માતા તસ્વીર માં દ્રશ્યમાન થાય છે.



# આચાર્યની મોજડી

## સક્સેસ ફંડા

- અરવિંદ ત્રિવેદી

**સ્કૂલના પ્રિન્સિપાલ પોતાના આચાર્યત્વથી સ્ટાફમાં પિતા તુલ્ય આદર પામ્યા એની પ્રતીતિ તો પોતાને ત્યારે થઈ કે જ્યારે જન્મદિન નિમિત્તે તેમને અનોખી એવી ભાવસભર ગિફ્ટ મળી**

'અરે, અરે બહેન, તમે એ મોજડી હાથમાં ન રાખો. પ્લીઝ...!'

'સર.. તમે જરા પણ ક્ષોભ ન કરો. આપ તો અમારા પપ્પા સમાન, એક વડીલ કે મોટા ભાઈના સ્થાને છો.'

'એનો હું સ્વીકાર કરું છું પણ આ મોજડીને તમે આમ હાથમાં...'

સ્કૂલના પ્રિન્સિપાલ કપડાંની મોજડી પહેરીને સ્કૂલે આવતા. એમની ચેમ્બરમાં ટેબલ નીચે મોજડી ઉતારીને દરરોજ પ્રાર્થના કાર્યક્રમમાં પોતે નિયમિત અને સમયસર હાજર રહેતા. મોજડી લીધાને બે-ત્રણ મહિના થયા ને અંગૂઠા પાસેથી મોજડી સ્હેજ ફાટી ગયેલી. એમના પત્નીએ બે-ત્રણ વખત પ્રિન્સિપાલને કહ્યું પણ ખરું,

'તમે પ્રિન્સિપાલ છો. આવી ફાટેલી મોજડી પહેરીને સ્કૂલે ન જાઓ તો સારું.'' સ્કૂલમાં સૌ મારી વેશભૂષા કે મોજડીને નહીં પણ એક પ્રિન્સિપાલ તરીકેના મારા કર્તવ્યને ઓળખે છે. કપડાંની આ મોજડી ઝડપથી પહેરી- ઉતારી શકાય એટલે મને અનુકૂળ છે.'

આટલી સુગમતા ખાતર પ્રિન્સિપાલે એ મોજડી પહેરીને સ્કૂલે જવાનું રાખ્યું. દરરોજના ક્રમ પ્રમાણે પોતે એક દિવસ મૂળ જગ્યાએ મોજડી ઉતારીને પ્રાર્થના કાર્યક્રમમાં જોડાયા. એ દરમિયાન નિત્યક્રમ મુજબ પટાવાળા માજીએ ચેમ્બરમાં કચરા-પોતા કર્યા. વીસેક મિનિટના પ્રાર્થના કાર્યક્રમ પછી પ્રિન્સિપાલ ચેમ્બરમાં પરત ફર્યા. ટેબલ પાસે ઉતારેલી મોજડી દેખાણી નહીં એટલે કૉલબૅલ કરીને પટાવાળા માજીને બોલાવીને પૂછ્યું,

'માજી , અહીંથી મારી મોજડી ક્યાં મૂકી ?'

'અરે સાહેબ ! અહીં મોજડી હતી જ નહીં ને.'

'હું પોતે જ પહેરીને આવેલો અને અહિયાં જ ઉતારેલી હો.'

'હું અહીં સફાઈ કરવા આવી ત્યારે તો ન્હોતી.'

'સારું તમે જાઓ અને જે કામ હોય તે કરો.'

પ્રિન્સિપાલ તો શિક્ષકોની લૉગબુક વગેરેમાં સહીઓ કરતા કરતા વિચારે ચડી ગયા.

'આ સ્કૂલમાં વિદ્યાર્થીઓની આચાર સંહિતા જ એવી છે કે કોઈ વિદ્યાર્થી અહીંથી કશું આઘુંપાછું કરે નહીં. વળી સ્ટાફ વિશે પણ પોણી વીશ નથી. આ મોજડીનું પગેરું કાઢવું કેમ ?'

વિચારોની ગડમથલમાં સાહેબ એ રહસ્યનો તાગ મેળવવા મનોમન ઝઝૂમતા રહ્યા.

'કોઈએ અમારા ઘરમાં થયેલી, ફાટેલી મોજડીની વાત જાણી લીધી હશે ? એના ઉકેલરૂપે અહીંથી કોઈ મોજડી ઉપાડી ગયું હશે ? બધાં પ્રાર્થનામાં હોઈએ ને કોઈએ આવું સાહસ કર્યું હોય. બહારથી કોઈ સ્કૂલના કમ્પાઉન્ડમાં પ્રવેશ કરે તો ચોકીદારને તો ખબર પડે ને ?'

આખા બિલ્ડિંગ અને કમ્પાઉન્ડમાં તપાસ કરીને પટાવાળા માજીએ સાહેબ પાસે આવીને કહ્યું , ' બધે ગોતી આવી, ખૂણે ખાંચરે, આખા કમ્પાઉન્ડમાં ફરી વળી પણ આપની મોજડીનો ક્યાંય પતો નથી હો સાહેબ ! 'સાહેબે હકારમાં માથું હલાવ્યું ને ઑફિસકામમાં મન પરોવ્યું. છતાં મોજડી ગાયબ થવાના વિચારો તો એમનો પિછો છોડતા નથી.

'કૂતરું લઈ ગયું હશે ? પણ એ અહીં આવી શકે એમ તો નથી. છતાં કૂતરું એકને બદલે બન્ને મોજડી લઈ જાય એ વાત ગળે ઉતરતી નથી.'

આમને આમ સાહેબના મનમાં અટપટા તર્ક વિતર્ક ચાલતા જ રહ્યા ત્યાં તો સ્ટાફરૂમમાંથી એક શિક્ષિકા બન્ને મોજડી પોતાના હાથમાં એવી રીતે લઈને આવ્યા જાણે કોઈ ગિફ્ટ અર્પણ કરતા હોય !

એ દ્રશ્ય નજર સામે આવ્યું ને સાહેબ ખુરશી પરથી ઊભા થઈ ગયા,

'અરે, અરે બહેન ! તમે એ મોજડી હાથમાં ન રાખો. પ્લીઝ...!'

એ યુવાન વયના શિક્ષિકાએ સાહેબ પ્રતિ પિતા તુલ્ય, વડીલ તરીકે કે મોટા ભાઈ જેટલા આદરભાવનો પ્રતિસાદ આપી વિનમ્રપણે જણાવ્યું ,

'સર, આ મોજડી તો અમે અમારા સ્ટાફરૂમમાં લઈ ગયા હતા.'

'એક તરફથી તો મને તમે પિતા તુલ્ય, વડીલ કે મોટા ભાઈ તરીકે સ્વીકારો છો અને આવી મજાક ઉડાવો છો ?'

'માફ કરજો સર, આ મજાક નથી. આપના વ્યક્તિત્વ પાસે મજાક કરવાની અમારી હેસિયત પણ નથી. અમારો એવો કોઈ ઈરાદો પણ નથી.'

'તો શું છે ?'

'આપણાં પાંત્રીસ ભાઈ-બહેનોના ટીચિન્ગ સ્ટાફનું આપના પ્રત્યેના સદ્ભાવનું આ એક નાનું એવું કૃત્ય છે.'

'એ વળી કઈ રીતે ?'

'સ્ટાફમાં અમે ચોવીસ બહેનો અને અગિયાર ભાઈઓએ બે દિવસ પહેલાં આપના જન્મદિન નિમિત્તે કોઈ ગિફ્ટ આપવાનો વિચાર કરેલો પણ આપના સિધ્ધાંતપૂર્વકના વલણને પારખીને અમે એ નિર્ણય મુલત્વી રાખી દીધો.'

'એ તો બરાબર થયું પણ આ મોજડીનું રહસ્ય શું છે, એ તો કહો.'

સાહેબના પગ પાસે એ મોજડી અર્પણ કરતા બહેને કહ્યું,

'બધી બહેનોએ નક્કી કર્યા મુજબ આજે અમે ઘેરથી સોયદોરો લાવ્યા અને પાકા દોરાથી આ ફાટેલી મોજડીને એવી મજાની સિલાઈ કરી દીધી કે એ મજબૂતાઈથી ટકી રહે.'

'અરે ભલી બહેનો , આવું કામ તમારે નહોતું કરવાનું'

'સર , એને કામ ન ગણશો હો. બસ ! એ જ અમારા તરફથી આપને બર્થ ડે ગિફ્ટ છે.'

એ મોજડી પહેરતા પ્રિન્સિપાલ સાહેબની આંખો સ્ટાફ પ્રત્યેના અહોભાવથી ભિન્જાઈ ગઈ. મોજડી પહેરીને પ્રિન્સિપાલ સાહેબ ચેમ્બરની બહાર આવ્યા ને સમગ્ર સ્ટાફ આજુબાજુ ગોઠવાઈ ગયો. એમનું મોં મીઠું કરાવીને સૌ ઝૂમી ઊઠ્યા. તેર તાળીઓના સન્માન સાથે એકી કંઠે રેલાયું,

'બાર બાર દિન યે આયે, બાર બાર દિલ યે ગાયે, તુમ જીઓ હજારો સાથ, હેપી બર્થડે ટુ યુ, હેપી બર્થ ડે...' સ્કૂલના આખા યે પરિસરમાં આ સ્વર ગૂંજી ઊઠ્યો. બિલ્ડિંગની દીવાલો પણ જાણે ભાવવિભોર આંખે મૂક બનીને સાવ સાદો ને ભાવસભર પ્રસંગ માણીને ધન્ય બની ગઈ.

# પાકિસ્તાન અને ચીન ઇકોનોમિક વોરમાં પરાસ્ત

## આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

કોરોના બાદ મોટા મોટા સુપર પાવર ગણાતા દેશોની અર્થ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે ત્યારે ભારત આ બાબત માં મજબૂત છે.બીજી બાજુ પાકિસ્તાન અને ચીનની અર્થ વ્યવવસ્થા ખાડે ગઈ છે.આ સમય રણ મોરચે લડવાનો નથી.પણ ઈકોનોમીક વોરનો છે. ભારત જે રીતે મજબૂત અર્થવ્યવસ્થા સાથે વિશ્ર્વના નકશામાં ઉભરી રહ્યું છે, પાકિસ્તાને સારા દિવસો લઈ આવવા ભારત સાથે રહેવું જ પડશે. કારણકે પાકિસ્તાન અત્યારે કપરા સમયમાંથી પસાર થઈ રહ્યું છે. ત્યારે હવે પાકિસ્તાને ભારતને પડખે રાખવા સિવાય કોઈ છૂટકો નથી.ભારત વસુધૈવ કુટુંબકમમાં માનનારો દેશ છે. ખાસ કરીને પાડોશીને જ્યારે કોઈ મુશ્કેલી પડે ત્યારે તેની પડખે ઉભું રહેવામાં ભારત ક્યારેય પાછીપાની કરતું નથી. પણ વાત જયારે પાકિસ્તાનની આવે તો પાકિસ્તાને અત્યાર સુધીમાં એટલી અવળચંડાઈ કરી છે કે જો કોઈ બીજો દેશ તેની સામે હોત, તો અત્યાર સુધીમાં ધીરજ ખોઈ બેસત. પરંતુ ભારતે અત્યાર સુધી વાટાઘાટો અને ધીરજથી કામ લીધું છે.

પાકિસ્તાન ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. પહેલેથી જ નાણાકીય મુશ્કેલીઓ અને પૂરના કારણે સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. જેના કારણે અહીં લગભગ ત્રણ કરોડની વસ્તી પ્રભાવિત થઈ છે. છેલ્લાં કેટલાંક સપ્તાહોમાં પૂરે બલૂચિસ્તાન, ખૈબર પખ્તુનખ્વા અને સિંધ પ્રાંતમાં વિનાશ વેર્યો છે. ઘણા લોકો મુશ્કેલીમાં મુકાયેલી હાલતમાં મદદની રાહ જોતા જોઈ રહ્યા છે.

આ બધી સમસ્યા વચ્ચે એવી આશંકા છે કે પાકિસ્તાનની હાલત પણ શ્રીલંકા જેવી થઈ શકે છે, જ્યારે રાહત કાર્ય માટે નાણાં એકત્ર કરવાનો પડકાર પાકિસ્તાની વડાપ્રધાન સામે છે. આર્થિક પડકારોનો સામનો કરી રહેલા પાકિસ્તાને આઈએમએફને બેલઆઉટ પેકેજ માટે અપીલ કરી હતી. આઈએમએફ પાકિસ્તાનને ૪ બિલિયન ડોલર આપવા માટે તૈયાર છે. પરંતુ સાથે જ તેણે પાકિસ્તાનને ઘણા સુધારા કરવા પણ કહ્યું છે. આઈએમએફએ કહ્યું છે કે પાકિસ્તાન પડકારજનક આર્થિક સ્થિતિનો સામનો કરી રહ્યું છે. પરંતુ તેણે મજબૂત શાસન, ભ્રષ્ટાચારને દૂર કરવા માટેના તમામ પગલાં અને પાવર સેક્ટરમાં ઝડપી સુધારાની માંગ કરી છે.

આ બધાની વચ્ચે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફની સામે સ્થિતિ ખૂબ જ પડકારજનક છે. આ પહેલાના દિવસોમાં પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન એક ખાસ અભિયાન ચલાવી રહ્યા છે.

ભારતમાંથી ખાદ્યચીજો આયાત કરવી જરૂરી છે તેમ પાક. નાણામંત્રી કહે છે.

પાકિસ્તાનના નાણા મંત્રી મિફતાહ ઈસ્માઈલે જણાવ્યું હતું કે પાકિસ્તાન સરકાર તાજેતરના ગંભીર પૂરના કારણે નાશ પામેલા પાકને કારણે ભારતમાંથી શાકભાજી અને અન્ય ખાદ્ય ચીજોની આયાત કરવા પર વિચાર કરી રહી છે. ત્રણ વર્ષ પહેલાં, કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવા અને તેને કેન્દ્રશાસિત પ્રદેશ જાહેર કરવાના નિર્ણય પછી પાકિસ્તાને ભારત સાથેના તેના રાજદ્વારી સંબંધોને ડાઉનગ્રેડ કર્યા હતા. પરેશાન લોકોની સુવિધા માટે ભારતથી આયાત જરૂરી છે. તેમણે ભારત સાથે વ્યાપારી સંબંધોની જોરદાર હિમાયત કરી અને કહ્યું કે, લોકોને મોંઘવારીથી બચાવવા જરૂરી છે, એમ તેમણે જણાવ્યું હતું. હું અર્થતંત્રની સુધારણા માટે કામ કરી રહ્યો છું.

પાકિસ્તાનમાં પૂરના કારણે ૧૧૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ દરમિયાન પીએમ મોદીએ પાકિસ્તાનમાં પૂરની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ટ્વીટ કર્યું, પાકિસ્તાનમાં પૂરના કારણે થયેલી તબાહી જોઈને દુઃખ થયું. અમે પીડિતોના પરિવારો, ઘાયલો અને આ કુદરતી આફતથી પ્રભાવિત તમામ લોકો પ્રત્યે દિલથી સંવેદના વ્યક્ત કરીએ છીએ અને ઝડપથી સામાન્ય સ્થિતિની પુનઃસ્થાપનની આશા રાખીએ છીએ. મોદીએ આ સંવેદના વ્યક્ત કરી પાકિસ્તાનિઓના દિલ જીત્યા છે.

પરંતુ આની સામે ભારત સાથે વેપાર સંબંધો તોડી પાકિસ્તાને જાતે જ પતન નોતર્યું છે હકીકતમાં, જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી, પાકિસ્તાને ભારત સાથે વેપાર ઘટાડવાનો નિર્ણય લીધો હતો. ભારતના નિર્ણય પછી, પાકિસ્તાને ઓગસ્ટ ૨૦૧૯માં ભારત સાથેના તેના વેપાર સંબંધોમાં નોંધપાત્ર ઘટાડો કર્યો હતો. જો કે ભારત સાથે વેપારી સંબંધો તોડીને પાકિસ્તાને પોતાના જ પગ ઉપર કુહાડો માર્યો હતો.

ભારત વસુધૈવ કુટુંબકમમાં માનનારો દેશ છે. જે પાડોશીને જ્યારે જરૂર પડી છે ત્યારે ભારતે બનતી તમામ મદદ કરી છે. ભારતે અફઘાનિસ્તાન અને શ્રીલંકાને મુશ્કેલ ઘડીએ અનાજ અને દવાની સહાય કરી છે. આ ઉપરાંત ભૂતકાળમાં કુદરત પ્રકોપ વખતે પણ પાડોશી દેશોને ભારતે સહાય કરી છે. હવે પાકિસ્તાન પણ જો સીધું થઈ જાય તો ભારત તેની મદદ કરવાના ક્યારેય પાછીપાની નહિ કરે તે સ્પષ્ટ છે.


પાકિસ્તાન દક્ષિણ એશિયામાં સ્થિત દેશ છે. ભારત, ઈરાન અને અફઘાનિસ્તાન પાકિસ્તાનના પાડોશી દેશો છે.




**દુશ્મનને લડાઈના મેદાનમાં નહિ પણ આર્થિક મોરચે ખતમ કરી શકાય છે, આ વાત હજારો વર્ષ પહેલા ચાણક્યે કહેલી તે આજના સમય મા એટલીજ પ્રસ્તુત છે.**

૧૫ કરોડની વસ્તી ધરાવતો આ દેશ વિશ્વના સૌથી વધારે વસ્તીવાળા દેશોમાં છઠ્ઠા સ્થાન પર છે. પાકિસ્તાન ઈંડોનેશિયા પછી વિશ્વનું બીજું સૌથી મોટું મુસ્લિમ રાષ્ટ્ર છે. બોલચાલમાં અહીં મુખ્યત્વે ઉર્દૂ, પંજાબી, સિંધી, બલોચી અને પશ્તો ભાષા બોલાય છે. પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ છે. અન્ય મુખ્ય શહેરો કરાચી અને લાહોર છે. ૩ યુદ્ધમાં હાર અને ઠોકર પછી પાકિસ્તાનની સાન ઠેકાણે આવી છે. શાહબાઝે કહ્યું કે યુદ્ધમાં પાકને હાર અને ગરીબી જ મળી, હવે મોદી અમારી વાત શાંતિથી સાંભળે તો સારું પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વાતચીત માટે સંદેશ મોકલ્યો છે. શાહબાઝે કહ્યું, 'ભારતીય લીડરશિપ અને વડાપ્રધાન મોદીને મારો સંદેશ છે કે આવો... ટેબલ પર બેસીએ અને આપણી વચ્ચેના કાશ્મીર જેવા મુદ્દા પર સમજદારીથી વાત કરીએ.'શાહબાઝ શરીફે અલ અરેબિયા ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં આ વાત કહી. શાહબાઝનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પાકિસ્તાન બેરોજગારી અને મોંઘવારી સામે ઝઝૂમી રહ્યું છે. ખાદ્યપદાર્થો અને ડીઝલ-પેટ્રોલના ભાવ આસમાને છે. પાકિસ્તાનનું મીડિયા ખુલ્લેઆમ પીએમ મોદીનાં વખાણ કરી રહ્યું છે અને કહી રહ્યું છે કે ભારત દરેક રીતે શક્તિશાળી છે.

# પાકિસ્તાન કંગાળ અને ચીનનું અર્થતંત્ર ડુબ્યું ૫૦ વર્ષમાં સૌથી નીચો ગ્રોથ રહ્યો





નવીદિલ્હી,

ભારતના દુશ્મનોના વળતાં પાણી થઈ રહ્યાં છે. પાકિસ્તાન કંગાળ બની ગયું છે અને રોજ ભારતના વખાણ કરી રહ્યું છે ત્યાં કોરોના વાયરસ, રિયલ એસ્ટેટ મંદીનો સામનો કરવા માટે ગયા વર્ષે ચીનમાં લાદવામાં આવેલા નિયંત્રણોને કારણે આર્થિક વિકાસ દર ઘટીને ૩ ટકા થઈ ગયો છે. જોકે, પ્રતિબંધો હટાવ્યા બાદ તેમાં ધીમે ધીમે સુધારો થઈ રહ્યો છે. સરકારી ડેટા અનુસાર, વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાનો વિકાસ એક વર્ષમાં ધીમો પડીને ૨.૯ ટકાએ પહોંચ્યો છે. નિષ્ણાતોનું કહેવું છે કે પ્રતિબંધો હટાવ્યા બાદ શોપિંગ મોલ અને રેસ્ટોરન્ટમાં લોકોની હાજરી ધીમે ધીમે વધી રહી છે. સરકારના જણાવ્યા અનુસાર, એવું લાગે છે કે કોરોના લહેરનું વર્તમાન મોજું પસાર થઈ ગયું છે. ગયા વર્ષનો ચીનનો આર્થિક વિકાસ દર ૨૦૨૧ના ૮.૧ ટકાના અડધાથી ઓછો હતો. કોરોના મહામારીના કારણે વિશ્વની અર્થવ્યવસ્થા ખરાબ સ્થિતિમાં છે. ગયા વર્ષે કોરોના વાયરસનો સામનો કરવા માટે ચીનમાં લાદવામાં આવેલા નિયંત્રણો અને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં મંદીને કારણે ૨૦૨૨માં ચીનનો આર્થિક વિકાસ દર ઘટીને ૩ ટકા પર આવી ગયો છે. ૫૦ વર્ષમાં વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થામાં આ બીજી સૌથી ધીમી વૃદ્ધિ છે. નેશનલ બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિક્સના ડેટા અનુસાર, ૨૦૨૨માં ચીનનો જીડીપી ૧,૨૧,૦૨૦ બિલિયન યુઆન અથવા ઈ૧૭,૯૪૦ બિલિયન હતો. ચીનનો જીડીપી વૃદ્ધિ દર ૫.૫ ટકાના સત્તાવાર લક્ષ્યાંકથી ઘણો ઓછો છે. નિષ્ણાતોનું કહેવું છે કે પ્રતિબંધો હટાવ્યા બાદ શોપિંગ મોલ અને રેસ્ટોરન્ટમાં લોકોની હાજરી ધીમે ધીમે વધી રહી છે. તે જ સમયે, સરકારના જણાવ્યા અનુસાર, એવું લાગે છે કે કોરોનાના ચેપની વર્તમાન લહેર પસાર થઈ ગઈ છે. અગાઉ ૧૯૭૪માં ચીનનો વિકાસ દર ૨.૩ ટકા હતો. નોંધપાત્ર રીતે, આ વર્ષે ડોલરના મૂલ્યમાં ચીનનો જીડીપી દર ૨૦૨૧માં ઈ૧૮,૦૦૦ બિલિયનથી ઘટીને ઈ૧૭,૯૪૦ બિલિયન થઈ ગયો છે. ચીની ચલણ (RMB) સામે ડૉલર મજબૂત થવાને કારણે આવું બન્યું છે.

# વિશ્વની સૌથી ઉંમરલાયક મહિલાનું નિધન, ૧૧૮ વર્ષની ઉંમરે લીધા અંતિમ શ્વાસ



ટોલન

દુનિયાની સૌથી ઉંમરલાયક મહિલા લ્યૂસિલ રેંડનનું ૧૧૮ વર્ષની ઉંમરે નિધન થઈ ગયું છે. રેંડનને સિસ્ટર આંદ્રેના નામથી ઓળખવામાં આવે છે. જાણકારી અનુસાર, રેંડનનો જન્મ ૧૧ ફેબ્રુઆરી ૧૯૦૪ના રોજ દક્ષિણી ફ્રાન્સમાં થયો હતો. રિપોર્ટ્સમાં જણાવ્યા અનુસાર, એક પ્રવક્તા ડેવિડ તાવેલ્લાએ કહ્યું કે, દુનિયાની સૌથી વૃદ્ધ વ્યક્તિ ફ્રાંસીસી નન લ્યૂસિસ રેંડનનું નિધન થઈ ગયું છે. પ્રવક્તાએ કહ્યું કે, ટોલનમાં તેમના નર્સિંગ હોમમાં ઊંઘમાં તેમનું મૃત્યુ થઈ ગયું છે.સેન્ટ કૈથરીન-લેબૌરી નર્સિંગ હોમના પ્રવક્તા તવેલ્લાએ કહ્યું કે, આ અત્યંત દુઃખદ છે. પણ રેંડનની આ ઈચ્છા હતી કે, તે પોતાના પ્રેમાળ ભાઈને મળે. તેમના માટે આ એક પ્રકારની મુક્તિ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, જાપાનની કેન તનાકાનું ગત વર્ષે ૧૧૯ વર્ષની વયે નિધન થઈ ગયું હતું. ત્યાર બાદ રેંડન સૌથી ઉંમરલાયક હતી. રેંડનનો જન્મ ત્યારે થયો હતો, જ્યારે ન્યૂયોર્કે પોતાનો સૌથી પ્રથમ સબવે ખોલ્યો હતો અને જ્યૂર ટૂર ડી ફ્રાંસનું ફક્ત એક વાર મંચન થયું હતું.રેંડને ૧૯૪૪માં ૪૦ વર્ષની ઉંમરે એક કોન્વેંટમાં એન્ટ્રી પહેલા એક ગવર્નર અને ટ્યૂટર તરીકે કામ કર્યું હતું. તે ૧૯૭૯થી નર્સિંગ હોમમાં અને ૨૦૦૯થી ટૂલોન હોમમાં હતી.

હાલમાં જ રેંડને કહ્યું હતું કે, લોકો કહે છે કે, કામ મારી નાખે છે, પણ મારા માટે કામે મને જીવતી રાખી છે. હું ૧૦૮ વર્ષની ઉંમર સુધી કામ કરતી રહી. લ્યૂસિલ રેંડન ૨૦૨૧માં કોવિડ પોઝિટિવ થઈ હતી, તેમ છતાં પણ તે બચી ગઈ. જે દુનિયાભરના લોકો માટે આશાનું પ્રતિક બની ગઈ હતી.

## પાકિસ્તાન પાસેથી નોન-નાટો સહયોગીનો દરજ્જો છીનવાઈ શકે છે : યુએસ સંસદમાં બિલ રજૂ

વોશિંગ્ટન,

અફઘાનિસ્તાન બાદ અમેરિકા હવે પાકિસ્તાન પાસેથી પણ નોન-નાટો સહયોગીનો દરજ્જો પાછો ખેંચવા પર વિચાર કરી રહ્યું છે. અમેરિકન સાંસદે હાઈસ ઓફિ રિપ્રેઝન્ટેટિવ્સમાં આ અંગે એક બિલ રજૂ કર્યું હતું. આ બિલ યુએસ સાંસદ એન્ડી બિગ્સ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. અમેરિકાના રાષ્ટ્રપતિ બિલ તેના પર હસ્તાક્ષર કરે અને જરૂરી કાર્યવાહી માટે તેને હાઉસ ફોરેન અફેર્સ કમિટિને મોકલે તે પહેલા બિલને ગૃહ અને સેનેટમાં પસાર કરવાની જરૂર છે.

તમને જણાવી દઈએ કે પાકિસ્તાન નોન-નાટો સહયોગીના તરીકે હોદ્દો ચાલુ રાખવા માટે રાષ્ટ્રપતિ જો બાઈડનના વાર્ષિક પ્રમાણપત્રની જરૂર છે. સામાન્ય રીતે આવા બિલ પસાર થતા નથી પરંતુ વર્તમાન બિલ પાકિસ્તાન સામે અમેરિકન સાંસદોના ગુસ્સાને દર્શાવે છે. હકીકતમાં પાકિસ્તાન આતંકવાદને આશ્રય આપવા માટે વિશ્વ સમક્ષ ખુલ્લુ પડી ગયું છે.

ગત વર્ષે સપ્ટેમ્બરમાં અમેરિકાએ અફઘાનિસ્તાન પાસેથી નોન-નાટો સહયોગી દેશનો દરજ્જો છીનવી લીધો હતો. અમેરિકાએ આ પગલું દેશમાંથી સૈન્ય વાપસી અને ત્યાં તાલિબાન શાસન બાદ ઉઠાવ્યું હતું. અફઘાનિસ્તાન સાથે અમેરિકાના ૧૮ નોન-નાટો સહયોગી છે. તે જાણીતું છે કે મુખ્ય બિન-નાટો સહયોગી તરીકે અમેરિકા અફઘાનિસ્તાનને ખાસ કરીને સંરક્ષણ ક્ષેત્રમાં ઘણી સુવિધાઓ અને છૂટ આપતું હતું.

# કેજરીવાલની આગેકૂચ રોકવા ગેહલોત મેદાનમાં ઉતરશે

## પંજાબને અડીને આવેલા જિલ્લાઓ માટે યોજના બનાવી





જયપુર,

રાજસ્થાનમાં ૨૦૨૩ના અંતમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે. રાજસ્થાન કોંગ્રેસના પ્રભારી સુખજિંદર સિંહ રંધાવાએ કેજરીવાલની આમ આદમી પાર્ટીને રોકવા માટે એક પ્લાન તૈયાર કર્યો છે. પ્રદેશ કોંગ્રેસે નહેર ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. શ્રીગંગાનગર અને હનુમાનગઢ જિલ્લામાં જિલ્લા કક્ષાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. સીએમ અશોક ગેહલોત ૧૯ જાન્યુઆરીએ શ્રીગંગાનગરના સુરતગઢ પહોંચશે.

૨૦ જાન્યુઆરીએ કોંગ્રેસના કાર્યકરો સંમેલનને સંબોધીને લોકોની નાડી અનુભવશે. સીએમ ગેહલોતની શ્રીગંગાનગરની મુલાકાતને કેનાલ વિસ્તારમાં કેજરીવાલના પ્રભાવને રોકવાના માર્ગ તરીકે જોવામાં આવી રહી છે. રાજ્ય પ્રભારી સુખજિંદર સિંહ રંધાવા અને પીસીસી ચીફ ગોવિંદ સિંહ દોતાસરા પણ હાજર રહેશે. રાજ્ય પ્રભારી રંધાવા પોતે કેનાલ વિસ્તારના દરેક વિધાનસભા મતવિસ્તારમાં જશે. સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્ય પ્રભારી રંધાવા ગત વખતની જીત-હારના રેકોર્ડનો અભ્યાસ કરી રહ્યા છે. જો કેબિનેટમાં ફેરબદલ થશે તો કેનાલ સેક્ટરને પ્રાથમિકતા મળશે તેવી ચર્ચા છે. કોંગ્રેસને કેનાલ વિસ્તારમાં સાવરણી અને કમળ સાથે સ્પર્ધા કરવી પડશે. તમને જણાવી દઈએ કે રાજ્યના કેનાલ વિસ્તારમાં શીખ સમુદાયની મોટી વસ્તી છે. કેજરીવાલનું ફોકસ પણ કેનાલ સેક્ટરમાં વધુ છે. આવી સ્થિતિમાં રાજ્ય પ્રભારી સુખજિંદર સિંહ રંધાવા પોતે શીખ સમુદાયની વચ્ચે જશે અને ગેહલોત સરકારની યોજનાઓ વિશે માહિતી આપશે.

## કાર અકસ્માતમાં પ્રોફેશનલ રેસલર જૈમિન પુગનું નિધન

મુંબઈ,

એઈડબ્લ્યુના પ્રમુખ ટોની ખાને સોશિયલ મીડિયા પર સમાચારની જાહેરાત કરતા લખ્યું હતું કે, દુઃખની વાત છે કે, જૈમિન પુગનું નિધન થયું છે. ચાહકોમાં જય બ્રિસ્કો તરીકે ઓળખાતા, તેમણે આરઓએચમાં વીસ વર્ષ ગાળ્યા હતા. તેમના પ્રથમ શોથી આજ સુધી યુગો માટે એક શાસક ચેમ્પિયન તરીકે યાદ રહેશે. જય અને તેના ભાઈ માર્કનું આજ સુધી આરઓએચ પર શાસન ચેમ્પિયન તરીકે પ્રભુત્વ છે. અમે તેના પરિવારને સહાનુભૂતિ આપવા માટે જે કંઈ કરી શકીએ તે કરીશું. રેસ્ટ ઈન પીસ.

ડબલ્યુડબલ્યુઈના ઘણા ચાહકો માટે જૈમિન કદાચ અજાણ્યો હતો, પરંતુ તે ગયા વર્ષે હ્લઈ સાથેની કેટલીક મેચોને કારણે ઈન્ડી સર્કિટ અને એઈડબ્લ્યુ પર એક પરિચિત ચહેરો બની ગયો હતો. તે એક મહાન ટેગ ટીમનો ભાગ હતો, જેને મેઈન સ્ટ્રીમ પ્લેટફોર્મ આપવામાં આવ્યું ન હતું. જેઓ તેને ઓળખે છે, તેઓ જાણે છે કે, તેણે પ્રોફેશનલ રેસલિંગને કેટલું આપ્યું છે. તેણે નાની ઉંમરમાં દુનિયાને અલવિદા કહી દીધું હતું, જ્યારે ચાહકોને તેની બિલકુલ અપેક્ષા ન હતી.

બ્રિસ્કોએ હાલમાં રિંગ ઓફ ઓનર પર હસ્તાક્ષર કર્યા છે, જ્યાં તે ભૂતપૂર્વ આરઓએચ વર્લ્ડ ચેમ્પિયન અને મલ્ટી-ટાઈમ ટેગ ટીમ ચેમ્પિયન છે. આ ટેગ ટીમો એઈડબ્લ્યુ માં જોવા મળતી ટીમો જેવી જ છે. તેના ભાઈ માર્ક સાથે, તે આરઓએચ ઈતિહાસમાં સૌથી સફળ ટેગ ટીમોમાંની એક હતી. તેણે કોમ્બેટ ઝોન રેસલિંગ અને પ્રો રેસલિંગ ગેરિલા જેવી અન્ય રેસલિંગ લીગમાં પણ હાથ અજમાવ્યો હતો.

# દાઉદ ઈબ્રાહિમનું નવુ સરનામું આવ્યું સામે, પકિસ્તાન અને ISIએ બદલાવી દીધું લોકેશન



નવીદિલ્હી

પૂર્વ IPS ઓફિસર પીકે જૈનનું કહેવું છે કે, અંડરવર્લ્ડ ડોન અને આંતરરાષ્ટ્રીય આતંકવાદી દાઉદ ઈબ્રાહિમ પાકિસ્તાન આર્મી અને ISIની મદદથી ત્યાં લાંબા સમયથી છુપાયેલો છે. કરાચીમાં જ પાકિસ્તાનની સેના અને ISIએ દાઉદ માટે ૩-૪ સ્થળો રાખ્યા છે. જ્યારે પણ તેના પર આંતરરાષ્ટ્રીય દબાણ આવે છે, ત્યારે પાકિસ્તાન પોતાનું સ્થાન બદલી નાખે છે. પૂર્વ IPS અધિકારીએ સમાચાર એજન્સીને જણાવ્યા પ્રમાણે તમને કહીએ તો, પાકિસ્તાન આર્મી અને ગુપ્તચર એજન્સી ISI બંને હંમેશા અંડરવર્લ્ડ ડોન દાઉદને બચાવવામાં સૌથી આગળ રહ્યા છે. તેને બચાવવા માટે તેઓએ ૩-૪ અલગ-અલગ સ્થળોની વ્યવસ્થા કરી છે. ભૂતપૂર્વ અધિકારીનું કહેવું છે કે, ભારત સરકાર દાઉદ પર કોઈ લડાયક ઓપરેશન ન ચલાવે તેવો ડર હંમેશા તેને સતાવે છે. તેનાથી બચવા માટે તે હંમેશા લોકેશન બદલતો રહે છે. તે કહે છે કે, દાઉદ આંતરરાષ્ટ્રીય આતંકવાદી છે, તેને ડર છે કે હવે ખુદ પાકિસ્તાનની હાલત ખરાબ છે. ઓફિસરનું કહેવું છે કે, દાઉદ શરૂઆતથી જ અય્યાશ પ્રકારનો વ્યક્તિ છે. બોલિવૂડની હિરોઈન્સ પણ તેમની સાથે રહી ચૂકી છે. બધા જાણે છે કે, તેણે ફરીથી લગ્ન કર્યા છે. શરૂઆતથી જ તે અય્યાશી છે. પાકિસ્તાન આર્મી અને ISI તેમને અને તેમના પરિવારને સંપૂર્ણ સુરક્ષા આપી રહી છે. પરંતુ પાકિસ્તાન ક્યારેય નહીં કહે કે, દાઉદ તેના દેશમાં છે. આ દરમિયાન, જો જોવામાં આવે તો અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ હવે સંપૂર્ણ રીતે ડરી ગયો છે. ડર એટલો છે કે, હવે દાઉદને તેના આખા પરિવાર સાથે પાકિસ્તાનના કરાચીના ક્લિફ્ટન વિસ્તારમાંથી જવું પડશે. તે વર્ષોથી અહીં રહેતો હતો. દાઉદ ઈબ્રાહિમની બહેન હસીના પારકરના પુત્ર અલીશાહે તપાસ એજન્સી NIA સમક્ષ ખુલાસો કર્યો છે.

# બોલિવૂડના અભિનેતાઓને પછાડીને સાઉથ એક્ટર બન્યો હિરો નંબર-૧, અભિનેત્રીઓએ પણ મારી બાજી







મુંબઈ,

મનોરંજનની દુનિયામાં ફિલ્મો ચાલે ત્યારે કલાકારોને સીધો ફાયદો થાય છે. આ ઉપરાંત કેટલાક કલાકારો એવા પણ છે, જે દર્શકોમાં હંમેશા ફેવરિટ રહે છે. ભૂતકાળમાં સાઉથની ફિલ્મોને પસંદ કરવામાં આવી રહી હોવાથી દર્શકોની પસંદગીમાં પણ પરિવર્તન આવ્યું છે. આવી સ્થિતિમાં હંમેશા ટોપ પર રહેલા બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના સલમાન ખાન અને શાહરૂખ ખાન પણ પાછળ છૂટવા લાગ્યા છે.તાજેતરમાં એક મીડિયા રિપોર્ટમાં ટોચના મેલ અને ફીમેલ એક્ટર્સની યાદી જાહેર કરવામાં આવી હતી. આમાં સામેલ નામો ચોંકાવનારા છે. તો ચાલો જોઈએ, કોણે કયા સ્થાન પર જગ્યા બનાવી છે.દેશભરના દર્શકોની પસંદગી અને ફિલ્મોને મળેલા પ્રતિસાદના આધારે તાજેતરમાં ઓરમેક્સ દ્વારા એક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. તેમાં ટોપ મેલ અને ફિમેલ કલાકારોના નામ શામેલ છે, જે ડિસેમ્બર ૨૦૨૨ સુધી દેશભરમાં ખૂબ પ્રિય હતા. આ યાદીમાં પ્રથમ ત્રણ સ્થાન પર સાઉથના કલાકારો રહ્યા છે. આ સાથે જ શાહરૂખ ખાન નીચે આવી ગયો છે અને સલમાન ખાન ટોપ ૧૦માંથી બાર થયા છે.

સાઉથના સુપરસ્ટાર થેલાપતિ વિજયે આ યાદીમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. દરેક ફિલ્મથી સાઉથ તેમજ હિન્દી બેલ્ટના દર્શકોને પ્રભાવિત કરનારો આ એક્ટર હાલ હીરો નંબર વન બની ગયો છે. સમાચાર મુજબ, વિજય એક ફિલ્મ માટે ૧૫૦ કરોડ રૂપિયા ચાર્જ કરે છે, જ્યારે શાહરૂખની ફી ૧૦૦ કરોડની નજીક છે. શાહરૂખને આ યાદીમાં ૮મું સ્થાન મળ્યું છે.

કલાકારોની યાદીમાં સામેલ અન્ય કલાકારોની વાત કરીએ તો, પ્રભાસ બીજા નંબરે અને જુનિયર એનટીઆર ત્રીજા નંબરે છે, જેમની ફિલ્મ 'RRR' આજકાલ ધૂમ મચાવી રહી છે.

# વિશ્વની સૌથી સુંદર મહિલા અને એક્ટ્રેસનું નિધન, કરિશ્મા કપૂર સાથે કનેક્શન હતું !



મુંબઈ,

વિશ્વની સૌથી સુંદર મહિલા કહેવાતી પ્રખ્યાત ઈટાલિયન અભિનેત્રી જીના લોલોબ્રિગિડાનું નિધન થયું છે. તેની ઉંમર ૯૫ વર્ષની હતી. જીના લોલોબ્રિગીડાએ ૫૦ અને ૬૦ના દાયકામાં યુરોપિયન સિનેમામાં ધમાલ મચાવી દીધી હતી. જીના લોલોબ્રિગીડાનું પણ ભારતીય સાથે જોડાણ હતું. તેને ૨૦મી સદીની મોના લિસા કહેવામાં આવતી હતી.જોકે જીના લોલોબ્રિગીડાના મૃત્યુનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. કહેવામાં આવી રહ્યું છે કે જીના લોલોબ્રિગિડાની જાંઘનું હાડકું ૨૦૨૧માં તૂટી ગયું હતું, જેની સપ્ટેમ્બરમાં સર્જરી કરવામાં આવી હતી. જો કે તે બાદ તે સ્વસ્થ થઈ ગઈ હતી અને ચાલવા પણ લાગી હતી.તેણીએ બીજા વિશ્વયુદ્ધ પછી ઈટાલીમાં ફિલ્મો બનાવવાનું શરૂ કર્યું ત્યારે તે ચર્ચામાં આવી હતી.હોલીવુડ સિનેમાના સુવર્ણ યુગનો ભાગ બનનાર છેલ્લી પાંચ આંતરરાષ્ટ્રીય કલાકારોમાંની એક જીના લોલોબ્રિગીડા હતી. તે ૫૦ અને ૬૦ ના દાયકામાં યુરોપિયન સિનેમાની સૌથી મોટી સ્ટાર્સમાંની એક હતી. જીના લોલોબ્રિગીડાને ફિલ્મ જગત સાથે દૂરથી પણ કોઈ કનેક્શન નહોતું, તેમ છતાં તે વિશ્વભરમાં પોતાની ઓળખ બનાવવામાં સફળ રહી. જીના લોલોબ્રિગીડાના માતા-પિતાનો ફર્નિચરનો વ્યવસાય હતો. પરંતુ કૌટુંબિક વ્યવસાયમાં જોડાવાને બદલે જીના લોલોબ્રિગીડાએ શોબિઝની દુનિયામાં આવવાનું નક્કી કર્યું.તેણીએ સૌંદર્ય સ્પર્ધાઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું. આ સાથે જીના લોલોબ્રિગીડાએ ઈટાલિયન ફિલ્મોમાં નાની ભૂમિકાઓ ભજવવાનું શરૂ કર્યું.

# ડોપ ટેસ્ટમાં નિષ્ફળ જતાં દુતી ચંદ સસ્પેન્ડ, એશિયન ગેમ્સમાં રમવાનું સસ્પેન્સ

નવીદિલ્હી,

ભારતીય એથ્લેટિક્સ તરફથી આવી રહેલા સમાચાર સારા નથી. ૧૦૦ મીટર રેસની નેશનલ ચેમ્પિયન દુતી ચંદ ડોપ ટેસ્ટમાં ફેલ થઈ ગઈ છે, જેના પછી તેને સસ્પેન્ડ કરવામાં આવી છે. મહિલા દોડવીર દુતી ચંદના યુરિન સેમ્પલ પોઝિટિવ આવ્યા હતા. તેના પર પ્રતિબંધિત પદાર્થોનું સેવન કરવાનો આરોપ છે, ત્યારબાદ તેની સામે કાર્યવાહી કરવામાં આવી છે. દુતી ચંદના સસ્પેન્શનને કારણે તેના એશિયન ગેમ્સમાં રમવા પર પણ સસ્પેન્સની તલવાર લટકી રહી છે.

દુતી ચંદનું સસ્પેન્શન ક્યાં સુધી ચાલુ રહેશે, તે અત્યારે સ્પષ્ટ નથી. કારણ કે, આ નિર્ણય માટે સંપૂર્ણ તપાસ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. એએએફએ દુતી ચંદને ડોપ ટેસ્ટમાં નિષ્ફળ જવા અંગે પત્ર લખ્યો હતો. પત્રમાં ખાસ કરીને દુતી ચંદને પ્રતિબંધિત પદાર્થોના સેવન અંગે ચેતવણી પણ આપવામાં આવી છે.દુતી ચંદને લખેલા પત્રમાં છછછ્લ એ લખ્યું, “હું તમને જણાવવા માંગુ છું કે તમારો સેમ્પલ છ ટેસ્ટ આવ્યો છે, જે ડબ્લ્યુએડીએના નિર્દેશો મુજબ પોઝીટીવ જોવા મળ્યો છે. તમને જણાવી દઈએ કે દુતી ચંદનું આ સેમ્પલ ૫ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ ભુવનેશ્વરમાં લેવામાં આવ્યું હતું. જો કે, પીટીઆઈના જણાવ્યા અનુસાર, જ્યારે આ અંગે દુતીનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેણે કહ્યું કે તેને હજુ સુધી ખબર નથી કે તેના સેમ્પલ એ પોઝિટીવ આવ્યા છે.

# વિરેન્દ્ર સહેવાગની જેમ મને સમર્થન મળ્યું ન હતુંઃ મુરલી વિજય



મુંબઈ

ભારતના ઓપનર બેટસમેન મુરલી વિજયે ખુલાસો કર્યો છે કે વિરેન્દ્ર સહેવાગની સાથે રમવાનું કેવું હતું અને તેનાથી તેના કેરિયરને કેવી રીતે પ્રભાવિત કરી. મુરલી વિજયે ઈંગ્લેન્ડમાં ૨૦૧૪માં ટેસ્ટ સીરીજમાં સૌથી વધુ રન બનાવનાર ભારતીય બેટસમેન હતો ૩૮ વર્ષના મુરલી વિજયે જણાવ્યું હતું કે ઈમાનદારીથી કહુ તો મને જાણીજોઇ વિરેન્દ્ર સહેવાગ જેવી આઝાદી આપવામાં આવી ન હતી. સહેવાગ પોતાની જીદગીમાં જે મળ્યુ તે મને નહીં જો મને તે રીતનું સમર્થન મળ્યું હોત તો હું પણ કંઇક નવું કરવાનો પ્રયાસ કરી શકયો હોત. વર્ષ ૨૦૧૪ ભારતીય ટેસ્ટ ક્રિકેટ માટે ખુબ મુશ્કેલ હતો ભારતે ન્યુઝીલેન્ડ ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડનો પ્રવાસ કર્યો હતો અને તમામમાં હાર સહન કરવી પડી હતી જો કે મુરલી વિજયે ઈંગ્લેન્ડમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું મુરલી વિજયે નોટિંઘમમાં ૧૪૬,લોર્ડ્સમાં ૯૫,એડિલેડમાં ૯૯,મેલબર્નમાં ૬૮ અને બ્રિસ્બેનમાં ૧૪૪ રનની ઈનિંગ્સ રમી હતી.મુરલી વિજયે કહ્યું કે ઈમાનદારીની વાત ટીમનું સમર્થન છે અને તમે આંતરરાષ્ટ્રીય સ્તર પર ટીમમાં કેવું યોગદાન આપી શકો છે આ એક ઉચ્ચસ્તરીય પ્રતિયોગિતા છે અને તમારી પાસે અલગ અલગ પધ્ધતિથી પ્રયોગ કરવાની તક ઓછી હોય છે વીરેન્દ્ર સહેવાગની સાથે રમવા પર વિજયે કહ્યું કે જયારે સહેવાગ ત્યાં હતો તો મને લાગ્યુ કે પોતાની પ્રવૃતિને નિયંત્રિત કરવું અને રમવું મુશ્કેલ છે.પરંતુ તેમને આવી આઝાદીથી પસાર થતો દેખવો શાનદાર હતું

# રાજકોટમાં ૫ ફેબ્રુઆરીએ 'ફિઝિકલ' સાયકલોફન યોજાશેઃ સ્વનિર્ભર શાળાના વિદ્યાર્થીઓ જોડાશે

## કોરોના બાદ આ વખતે 'વર્ચ્યુરઅલી'ની જગ્યાએ 'ફિઝિકલ' સાયકલોફનનું આયોજન : રજિસ્ટ્રેશન કરાશે

રાજકોટ,

સાયકલીસ્ટોં ની અત્યંઆત પ્રિય એવી સાયકલોફન છેલ્લા બે વર્ષથી 'વર્ચ્યુરઅલી' જ યોજાઈ રહી હોવાને કારણે તેનો ચાર્મ મતલબ કે રોમાંચ સાયકલીસ્ટોરમાં જોવા મળી રહ્યો નહોતો પરંતુ આ વર્ષે રોટરી ક્લબ ઓફ રાજકોટ મીડટાઉન, રાજકોટ મહાપાલિકા અને રાજકોટ સાયકલ ક્લબની સાથે શહેરની ૫૦૦ જેટલી સેલ્ફજ ફાયનાન્સી સ્કૂલ એસોસિએશન દ્વારા મળીને આગામી પાંચ ફેબ્રુઆરીએ રાજકોટમાં ભવ્યારતિભવ્યી સાયક્લો ફન યોજવામાં આવી રહી છે.

સાયકલો ફનના આયોજકોના જણાવ્યાસ પ્રમાણે આ વખતની સાયક્લોં ફનનું આયોજન ખાસ કરીને પહેલીવાર સાયકલિંગ કરનારા સાયકલીસ્ટર તેમજ બાળકોને સાયકલ પ્રત્યો વધુમાં વધુ કેમ વાળી શકાય તેના પર વધુ ધ્યાયન કેન્દ્રી ત કરીને કરવામાં આવ્યું છે.

આ માટે આ વર્ષની સાયક્લોફનમાં પાંચ કિલોમીટર અને વીસ કિલોમીટરની સાયકલરાઈડ યોજવામાં આવશે. આ આયોજનમાં આ વર્ષે પહેલીવાર સેલ્ફે ફાયનાન્સો સ્કૂલ એસોસિએશન પણ જોડાયું છે જે અંતર્ગત શહેરની ૫૦૦થી વધુ શાળાઓ તેમાં જોડાઈ છે.

આ ઉમદા ઈવેન્ટ માં સહભાગી થવા માંગતી સંસ્થાળઓ તેમજ લોકો રોટરી મીડટાઉન લાયબ્રેરી અથવા સેલ્ફક ફાયનાન્સવ સ્કૂલ એસોસિએશનનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે છેલ્લા સાત વર્ષથી રાજકોટમાં રોટરી ક્લબ ઓફ રાજકોટ મીડટાઉન, રાજકોટ સાયકલ ક્લબ અને રાજકોટ મહાપાલિકા દ્વારા ફિટ રાજકોટ અંતર્ગત સાયક્લોફિનનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ગત વર્ષે સાયકલોફનમાં ૧૪ દેશના ૧૬૪૪૧ સાયકલીસ્ટે એ ૫.૧૧ લાખ કિલોમીટર સાયકલ ચલાવી વૈ?કિ રેકોર્ડ નોંધાવ્યો હતો.

પાંચ ફેબ્રુઆરીએ રાજકોટમાં યોજાનારી સાયકલોફનમાં ભાગ લેવા માંગતા (૧૮ વર્ષથીઊપરના) સાયકલીસ્ટોઆ વેબસાઈટ ઉપર પોતાનું રજિસ્ટ્રેશન કરાવી શકશે. આ ઉપરાંત વધુ વિગતો માટે તેઓ ૭૪૦૫૫ ૧૩૪૬૮ ઉપર ટેલિફોનિક સંપર્ક કરી શકશે.

# હવે ગામડાના લોકોને ય મળશે મિલકતનું 'સ્વામિત્વ'

## રાજકોટ જિલ્લામાં ડ્રોનથી સર્વેની કામગીરી પૂરજોશમાં : અત્યાર સુધીમાં ૨૩૪ ગામોમાં ૧૫૦૦ હેક્ટર જમીનની માપણી કરાઈ



ટેક્નોલોજીના ઉપયોગથી સરકારી તંત્રની કામગીરી વધુ અસરકારક બને અને સાથે દેશના સામાન્ય માણસોની સુખાકારી વધે તે માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આગવા અભિગમ સાથે અનેક પ્રોજેક્ટ-યોજના અમલી બનાવી છે. આવી જ એક યોજના એટલે 'સ્વામિત્વ' (જીફછૈંફછ -સર્વે ઓફ વિલેજીસ આબાદી એન્ડ મેપિંગ વિથ ઈમ્પ્રોવાઈઝ ટેક્નોલોજી ઈન વિલેજ એરિયાઝ). જેમાં ગામડામાં ડ્રોનથી મિલકતોનું સર્વેક્ષણ કરીને, ગામલોકોના પ્રોપર્ટી કાર્ડ બનાવવામાં આવે છે.

ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં 'સ્વામિત્વ' યોજનાનો પ્રભાવશાળી રીતે અમલ થઈ રહ્યો છે. આ યોજનાની અમલવારીમાં રાજકોટ જિલ્લો અગ્રેસર રહીને કામ કરી રહ્યો છે. જમીન દફતરના નાયબ નિયામકશ્રી રાજેશ કે. ગાંધી તથા જમીન દફતરના જિલ્લા નિરિક્ષકશ્રી ભાવેશ ગાંભવાના નિરીક્ષણ હેઠળ હાલ જિલ્લાના વિવિધ ગામોમાં ડ્રોનથી સર્વે-માપણીની કામગીરી ગતિમાં છે.

શ્રી ભાવેશ ગાંભવાના જણાવ્યા મુજબ, 'સ્વામિત્વ' યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં ડ્રોનથી ૨૩૪ ગામોમાં ૧૫૦૦ હેક્ટર જમીનની સર્વેની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. હવે ઠરાવો લખવાની તેમજ પ્રોપર્ટી કાર્ડ બનાવવા સંબંધિત કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત બાકીનાં ગામોમાં પણ ડ્રોનથી સર્વેક્ષણ-માપણીની કામગીરી ચાલી રહી છે.

રાજકોટ તાલુકના ૭૩, વિંછિયા તાલુકાના ૪૨, જસદણના ૪૯ તેમજ ધોરાજીના ૨૬ ગામોમાં ડ્રોનથી સર્વેક્ષણની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે ગોંડલ તાલુકાના ૬૮ ગામોમાં ક્રમશઃ આ કામગીરી ચાલી રહી છે. આગામી દિવસોમાં જેતપુરના ૪૨, ઉપલેટાના ૪૬, જામકંડોરણાના ૪૫, કોટડાસાંગાણીના ૩૫ તેમજ લોધિકાના ૩૪ ગામોમાં સર્વેક્ષણની કામગીરી હાથ ધરાશે.

નોંધનીય છે કે, નવ રાજ્યોમાં પાયલોટ પ્રોજેક્ટમાં સફળતા મળ્યા બાદ, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૪ એપ્રિલ ૨૦૨૧ના રોજ, પંચાયતી રાજના દિવસે 'સ્વામિત્વ' યોજના લોન્ચ કરી હતી. આ આ એક કેન્દ્રીય યોજના છે, જે અંતર્ગત તમામ ગ્રામીણ વિસ્તારોમાં ડ્રોનનો ઉપયોગ કરીને સર્વે કરવામાં આવે છે. આ સાથે, દરેક ગામ માટે જીઆઈએસ આધારિત નકશા તૈયાર કરવામાં આવે છે. આ સરવે થકી ગ્રામીણ આયોજન માટે જમીન રેકોર્ડ સચોટ બનાવવા, મિલકત વેરા નક્કી કરવા, સર્વે ઈન્ફ્રાસ્ટ્રકચર અને જી.આઈ.એસ. નકશા બનતા અન્ય કોઈ પણ સરકારી વિભાગ તેમના ઉપયોગમાં પણ લઈ શકશે. ગામના સંપત્તિ વિવાદ અને કાનૂની કેસોમાં ઘટાડો થશે.

★ બિલકુલ ફ્રીમાં થાય છે સર્વેઃ પ્રોપર્ટી કાર્ડ માટે પણ કોઈ ચાર્જ નહીં

★જમીનની સર્વેક્ષણ-માપણી માટે લોકો પાસેથી કોઈપણ પ્રકારનો ચાર્જ વસુલ કરવામાં આવતો નથી.

★ આ યોજના અંતર્ગત લોકોને પ્રોપર્ટીકાર્ડ કોઈ ફી લીધા વિના આપવામાં આવે છે.

★સ્વામિત્વ યોજનાના ફાયદા

★ ગામના રહેવાસીઓને તેમની પ્રોપર્ટીના કાર્ડ મળશે.

★ પોતાની માલિકીના મકાનનું ટાઈટલ ક્લીયર થયેલું મળશે.

★ તે મકાન પર કોઈપણ બેંકમાંથી લોન મળી શકશે.

★ મકાનનો કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરી શકાશે તથા અન્યને તબદીલ કરી શકાશે.

આલેખનઃ સંદીપ કાનાણી

# સીટીલાઈફ

## રાજકોટ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રમાં પ્રેસ-મિડિયામાં ટેકનોલોજી ઉપર વ્યાખ્યાન યોજાયું



રાજકોટ,

ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર - રેસકોર્ષ, રાજકોટ ખાતે તાઃ ૧૧ જન્યુઆરીના સાંજે ૪:૩૦ થી ૬:૦૦ દરમિયાન ઈમર્સીવ મિડિયા ટેકનોલોજી - ફ્યુચર ઈઝ હીયર, ટુડે વિષય પર રાજકોટના અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રસિધ્ધ એવા દર્શન સેદાણીનું એક રસપ્રદ વ્યાખ્યાન રાખવામાં આવેલ. આપણે સર્વે જાણીએ છીએ કે એકવીસમી સદીમાં મિડિયાનું મહત્વ કેટલું છે. તેમાં કેવા પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે અને ભવિષ્યમાં થશે તે વિષે રસ પ્રદ રીતે પાવર પ્રેઝનટેશન દ્વારા સમજાવ્યું હતું.

## જુનાગઢ જિલ્લામાં ફરી મોટા ગજાના કૉંગ્રેસી આગેવાન કૉંગ્રેસ પાર્ટીમાંથી સસ્પેન્ડ

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,

જુનાગઢ જિલ્લામાં ગત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી વિરુદ્ધ કામ કરનાર હજી બે દિવસ પહેલા જ માળિયા તાલુકાના બે દિગ્ગજ નેતાને સસ્પેન્ડ કરેલ ત્યારે ફરી મેખડી ગામના વતની અને માંગરોળ માર્કેટિંગ યાર્ડના ચેરમેન, જુનાગઢ જિલ્લા પંચાયત ચાલુ સદસ્યના પતિ અને પૂર્વ જિલ્લા પંચાયતના સદસ્ય વાલભાઈ ખેરને ગત



વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટી વિરુદ્ધનું કામ કરવા બદલ પાર્ટીએ સસ્પેન્ડ કરેલ છે ,જુનાગઢ જિલ્લા પ્રમુખ ભરત અમીપરા સાથે ટેલીફોનિક વાત કરતા જાણવા મળ્યું કે ગત વિધાનસભાની ચૂંટણીનું આવું ખરાબ પરિણામ આવતા ડાયરેક્ટ પ્રદેશ કોંગ્રેસ તરફથી પાર્ટી વિરુદ્ધ કામ કરનાર દરેક આગેવાનોનું સ્પેશિયલ ટીમ અને એજન્સી દ્વારા, ચૂંટણી પતી ગયા પછી સર્વે ચાલુ જ છે, જે સર્વેમાં અને સમીક્ષા કરતા જે જે આગેવાનોએ પાર્ટી વિરુદ્ધ કામ કરેલ હોઈ તેને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવો, આવી જ રીતે હજુ પણ દરેક કોંગ્રેસી આગેવાનો અને જવાબદાર ચૂંટાયેલા વ્યક્તિઓ, સંગઠનના મોટા મોટા હોદા લઈને જે કોઈએ પાર્ટી વિરુદ્ધ કામ કરેલ હશે તે જાણમાં આવતા ભવિષ્યમાં પણ સસ્પેન્ડ કરવાનો સિલસિલો ચાલુ જ રહેશે,તેમ જુનાગઢ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરત અમીપરાએ જણાવ્યું હતું

# રાજકોટ રૂડાની નગર રચના યોજનાઓમાં ટી.પી. રોડની કામગીરી પુરજોશમાં

## રોડ માટે જમીન કબ્જા મેળવવાની કામગીરી ચાલુ : દબાણ દૂર કરાશે

રાજકોટ,

રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ(રૂડા) દ્વારા સૂચિત નગર રચના યોજનાઓની કામગીરી ઝડપથી થાય તે માટે સૂચિત નગર રચના યોજના નં.૩૮/૨ (મનહરપુર-રોણકી) તથા સૂચિત નગર રચના યોજના નં. ૪૧ (સોખડા-માલિયાસણ) નગર રચના યોજનાઓ મંજૂર થયેલ છે. આ યોજનાઓમાં સમાવિષ્ટ ટીપી રોડના અમલીકરણ અંગે રે.સર્વેના ખાતેદારો પાસેથી તેમની માલિકીની જમીનમાંથી પસાર થતા રોડના કબજા મેળવવાની કામગીરી ચાલુ છે.



મુસદ્દારૂપ નગરરચના યોજના નં.૩૮/૨ (મનહરપુર-રોણકી) સ્કીમમાં સમાવિષ્ટ ૪૫ મીટર સ્ટેટ હાઈવે મોરબી બાયપાસ કાર્યરત છે, તે સિવાયના સ્કીમમાં આશરે ૩૨% રોડ સ્થળ પર ખુલ્લા તથા મેટલિંગ અને ડામર થયેલ છે. ઉપરાંત યોજના નં.૪૧ (સોખડા-માલિયાસણ)માં સમાવિષ્ટ ટીપી રોડ પૈકી આશરે ૧૭% રોડ સ્થળ પર ખુલ્લા તથા મેટલિંગ થયેલ છે તેમજ બંને સ્કીમમાં ૪૫ મી.,૩૦ મી., ૨૪ મી.,૧૮ મી. અને ૧૫ મી. સુધીના રોડનો સમાવેશ થાય છે.આગામી યોજના નં.૪૧ (સોખડા-માલિયાસણ)માં આંશિક રોડ પર બાંધકામોનું દબાણ દૂર કરવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. બંને નગર યોજનામાં રોડના ૧૦૦% કબ્જા મળ્યેથી બાકી રહેતા રોડ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેથી આ વિકસતા વિસ્તારોમાં પાયાની પ્રાથમિક સુવિધારૂપ રસ્તાની સવલત લોકોને પ્રાપ્ત થતા વિસ્તારનો વિકાસ વેગવંતો બનશે.

## રાજકોટ જનસેવા ટ્રસ્ટ દ્વારા વાર્ષિક સમારોહ યોજાયો

### ગીત - સંગીત સંધ્યા? સાથે સેવારત્નોનું સન્માનન કરાયું



રાજકોટ,

જનસેવા ટ્રસ્ટં દ્વારા પારસ કોમ્યુસનીટી હોલમાં વાર્ષિક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં નવા જુના ગીતોની સંગીત સંધ્યીનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પ્રખ્યારત સિનિયર ફીઝીસીયન ડો. રાજેશ તૈલી દવારા ઓર્ગન ડોનેશન ઉપર માહીતગાર કરાયા હતા ત્યોબાદ ડો. બબીતાબેન હપાણીએ કેન્સિર અવેરનેસ વિશે રસપ્રદ વ્યા ખ્યા ન અપાયું હતું. ત્યા.રબાદ જીલ્લા પંચાયતના ઓફીસર નિખિલ જાદવ દ્વારા આયુષ્યતમાન કાર્ડ યોજના વિશે સૌને માહીતગાર કરવામાં આવેલ. સ્વાામી વિવેકાનંદ યુથ કલબનાં અનુપમભાઈ દોશી, કરૂણા ફાઉન્ડે શન એનીમલ હેલ્પખલાઈનનાં મીતલભાઈ ખેતાણી, પ્રયાસ ફાઉન્ડેંશનનાં રાષ્ટ્રાપતીચંદ્રક એવોર્ડ વિજેતા પૂજાબેન પટેલ તથા ભાસ્કારભાઈ પારેખ, રધુવંશી મહીલા અગ્રણી સેવાકીય રત્નસ શ્રીમતી શોભનાબેન કારીયા, સેવારત્નર હસમુખભાઈ ટોળીયા, અંધમહિલા વિકાસ ગળહના કલ્યારણીબેન જોશીનું સન્માનન કરાયુ હતું. ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ દ્વારા સંસ્થા ની કામગીરીને વખાણી સૌને કાર્ય માટે પ્રેરણા આપેલ હતી.

## રાજકોટ જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા નિરાધાર વિધવા બહેનોને રાશન કીટ વિતરણ



રાજકોટ,

''જન સેવા એજ પ્રભુ સેવા'' ના ધ્યેરય સાથેશ્રી જન કલ્યાીણ ટ્રસ્ટ નવલનગરના પ્રમુખ સવજીભાઈ મૈયડની રાહબરી નીચે જરૂરીયાત મંદ ગંગા સ્વટરૂપ મહિલાઓને ૫૧ રાશનકીટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યોગ હતો. આ પ્રસંગે મેયર પ્રદીપભાઈ ડવ, ધોરાજી-ઉપલેટાના ધારાસભ્ય મહેન્દ્રતભાઈ પાડલીયા, પડધરી ટંકારાના પૂર્વ ધારાસભ્યર બાવનજીભાઈ મેતલીયા, આર.એસ.એસ.ના કાર્યવાહક કિશોરભાઈ મૂંગલપરા, મનસુખભાઈ બાલા, વોર્ડ નં.૧૩ ના કોર્પોરેટરઓ જયાબેન હરિભાઈ ડાંગર અને સોનલબેન સોનારા, જીલ્લા ભાજપ મંત્રી પ્રાગજીભાઈ કાકડિયા, પ્રેસ-મીડીયા ઈન્ચાર્જ અરૂણભાઈ નિર્મળ, જીલ્લા ભાજપ શિક્ષણ સેલ કન્વીનાર બીપીનભાઈ સાવલીયા, જીલ્લા ભાજપ કાર્યાલય મંત્રી અલ્પેયશભાઈ અગ્રાવત, વિવેક સાતા સહીતના મહાનુભાવ ઉપસ્થીત રહ્યા હતા અશોકભાઈ સેતાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ હતું.

# એશિયાટીક સિંહ ૧૪૩ વર્ષ પછી બરડા વન્ય જીવ અભયારણ્યમાં ફરી દેખાયોઃ નર સિંહ કુદરતી રીતે જ બરડા પહોંચ્યો

## આ અદ્ભૂત ઘટનાક્રમ બરડાને ગીરના સિંહોના બીજા ઘર તરીકે સ્થાપિત કરે છેઃ પરિમલ નથવાણી

અમદાવાદ,

બરડા વન્યજીવ અભયારણ્યમાં રેડિયો કૉલર લગાવેલા નર સિંહે દેખા દેવાની સાથે, ગુજરાત અને ભારતના ગર્વ એવા એશિયાટીક સિંહોએ પોરબંદર નજીક બરડા વન્યજીવ અભયારણ્યમાં પોતાનું નવું અને બીજું ઘર શોધી લીધું છે. બરડામાં સિંહ છેક સન્ ૧૮૭૯માં છેલ્લે દેખાયો હોવાનું નોંધવામાં આવ્યું હતું, તેમ ગીર સિંહોના પ્રેમી અને ગીર અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનની સલાહકાર સમિતિના સભ્ય અને રાજ્યસભા સાંસદ શ્રી પરિમલ નથવાણીએ જણાવ્યું હતું.

શ્રી નથવાણીએ માહિતી આપી હતી કે લગભગ સાડાત્રણ વર્ષની ઉંમરનો નર સિંહ જાન્યુઆરી ૧૮, ૨૦૨૩ના રોજ બરડા અભયારણ્યમાં પ્રવેશ્યો હતો.

આ સિંહ પોરબંદર વન્યજીવ વિભાગની રાણાવાવ રેન્જમાં રાણાવાવ રાઉન્ડની મોટા જંગલ બીટમાં દેખાયો હતો. આ નર સિંહને પ્રથમ વખત ઓક્ટોબર ૩, ૨૦૨૨ના રોજ પોરબંદર વન્યજીવ વિભાગના માધવપુર રાઉન્ડમાં જોવામાં આવ્યો હતો. દરીયાકાંઠાના જંગલો અને ખરાબામાં વિવિધ રહેણાંકોમાં લગભગ ત્રણ મહિના વિતાવ્યા બાદ આ નર સિંહ બરડા વન્યજીવ અભયારણ્યમાં પ્રવેશ્યો હતો. આ સિંહ પર દેખરેખ રાખવા માટે ગુજરાતના વન વિભાગ દ્વારા ઓક્ટોબર ૨૯, ૨૦૨૨ના રોજ તેને રેડિયો કૉલર લગાવવામાં આવ્યો હતો, એમ શ્રી નથવાણીએ ઉમેર્યું હતું.

નોંધપાત્ર છે કે 'પ્રોજેક્ટ લાયનઃ લાયન@૪૭ વિઝન ફોર અમૃતકાલ' દસ્તાવેજ અનુસાર, વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા દ્વારા ગુજરાતના બરડા વન્યજીવ અભયારણ્યની એવા સંભવિત સ્થાન તરીકે ઓળખ કરીને ચકાસણી કરવામાં આવી છે જ્યાં ૪૦ વયસ્ક અને સબ-વયસ્ક સિંહો કુદરતી ક્રમમાં છૂટા પડીને બરડા-આલેચ ટેકરીઓ અને દરીયાકાંઠાના જંગલોમાં રહી શકે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગિરના સિંહોના મહત્વને જાણ્યું હતું અને આ કિમતી વન્યજીવની સમૃધ્ધિ માટેનો રોડમેપ તૈયાર કર્યો હતો. સિંહ અને વન્યજીવ પ્રેમી તરીકે હું ખૂબ જ ખુશ છું કે એશિયાટીક સિંહો કુદરતી રીતે ગુજરાતમાં જ અલગ થઈ રહ્યા છે અને તેમાંથી એક પોતાની મેળે જ કુદરતી રીતે બરડા વન્યજીવ અભયારણ્યમાં પહોંચ્યો. મને આશા છે કે ગુજરાતના વન વિભાગ અને સ્થાનિક સમુદાયોની સંયુક્ત દેખરેખ હેઠળ થયેલા સિંહના કુદરતી અને આપમેળે જ થયેલાં સ્થળાંતરને પ્રોજેક્ટ લાયન હેઠળ ભારત સરકાર અને પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા વધારે પ્રોત્સાહન આપવામાં અને મજબૂત બનાવવામાં આવશે," એમ સાંસદ (રાજયસભા) અને ડાયરેક્ટર- કોર્પોરેટ અફેર્સ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ શ્રી પરિમલ નથવાણીએ જણાવ્યું હતું.

"આપણાં સિહોંની ભલાઈ માટે એટલાં જ આતુર અને ચિંતાતુર ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ ફોરેસ્ટર અને વન્યજીવ પ્રેમીઓ માટે મોટીવેશન અને પ્રોત્સાહનના સ્રોત છે," એમ શ્રી નથવાણીએ ઉમેર્યું હતું.શ્રી નથવાણીએ ઉમેર્યું હતું કે, "બરડા વન્યજીવ અભાયરણ્યને એશિયાટીક સિંહોના બીજા ઘર તરીકે વિકસાવવા માટે અમારા તરફથી જે પણ મદદની જરૂરી હોય તે પૂરી પાડવા માટે હુંતૈયાર છું."



ગુજરાત રાજયના વન વિભાગે બરડા વન્યજીવ અભયારણ્યને એશિયાટિક સિંહો માટેના બીજા ઘર તરીકે ઓળખ કરી છે, જયાં કુદરતી રીતે છૂટા પડીને સિંહો સ્થાપિત થશે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ગીરના ઘણાં વિસ્તારો સાથે ઈકો-ક્લાયમેટીક અને માનવ સમુદાયની સમાનતા બરડા વન્યજીવ અભયારણ્યને એશિયાટીક સિંહો માટે સાનુકૂળ ઘર બનાવે છે.

સિંહની તેમના બીજા ઘર તરફનું કુદરતી સ્થળાંતર ઐતિહાસિક ઘટના છે અને બરડા વન્યજીવ અભયારણ્યના સમાન સાનુકૂળ વાતાવરણમાં આ રાજવી પ્રાણીની વધતી જતી સંખ્યાને રહેઠાણ પૂરું પાડવા તરફનો માર્ગ મોકળો કરશે, જ્યાં છેલ્લે તેમની હાજરી ૧૮૭૯માં નોંધાઈ હતી.

# જામનગરમાં આતંકવાદના પૂતળા પર થુંકી જાહેરમાં શ્રાદ્ધ કરી બજરંગદળે કર્યો વિરોધ

## દક્ષિણ આસામના બજરંગ દળના કાર્યકરની હત્યા સામે કલેકટર કચેરીએ પાઠવાયું આવેદન





જામનગર,
દક્ષિણ આસામના કરીમગંજ જિલ્લાના લોવિપુરામાં બજરંગ દળના કાર્યકર શંભુ કૈરી સહિત ૯ જેટલા કાર્યકર્તાઓની છેલ્લા બે વર્ષમાં હત્યા કરવામાં આવી છે. આ હત્યા પાછળ જેહાદી તત્વોના ષડયંત્ર ખુલી રહ્યા છે. ત્યારે જામનગરમાં પણ વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

જામનગરના બેડીગેઈટ વિસ્તારમાં બજરંગ દળના કાર્યકરો અને વિશ્વ હિન્દુ પરિષદના હોદ્દેદારોએ આતંકવાદ વિરોધી સૂત્રોચારો કર્યા હતા. અને આ ઉપરાંત આતંકવાદના પૂતળા પર બજરંગ દળના કાર્યકરોએ થૂંકીને શ્રાદ્ધ કરી અનોખો વિરોધ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત કલેકટર કચેરી ખાતે રાષ્ટ્રપતિને સંબોધીને આવેદનપત્ર પાઠવી બજરંગ દળના કાર્યકર્તાઓ ઉપર થઈ રહેલા હુમલાને વખોડી તાત્કાલિક પગલાં લેવાની વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા માગણી કરવામાં આવી હતી.

જામનગરમાં આતંકવાદ વિરોધી દેખાવોના કાર્યક્રમ દરમિયાન બજરંગ દળના સૌરાષ્ટ્ર પ્રાંત સંયોજક રવિરાજસિંહ જાડેજા, વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા અધ્યક્ષ ભરતભાઈ ડાંગરિયા, જિલ્લા મંત્રી ધર્મેશભાઈ ગોંડલીયા, સહમંત્રી હેમતસિંહ જાડેજા, વિશેષ સંપર્ક સંયોજક કલ્પેનભાઈ રાજાણી, બજરંગ દળના જામનગર વિભાગ સંયોજક સંજયસિંહ કંચવા, જિલ્લા સંયોજક હિરેનભાઈ ગંઢા, સહસંયોજક ભૈરવભાઈ ચાંદ્રા, ગૌરક્ષા સંયોજક ધમભા વાળા સહિતના અગ્રણી કાર્યકરોએ જોડાઈને કેન્દ્ર સરકાર પાસે ધૃણા ફેલાવનાર અને ભડકાવાળા મુલ્લા મૌલવીઓ તેમજ નેતાઓ સામે કાર્યવાહી કરી નિયંત્રણ લાવવા ઉપરાંત દેશ વિરોધી સંગઠનો પર પ્રતિબંધ લાદી કાર્યવાહી કરવા માગણી કરવામાં આવી છે.

# જામનગરમાં નિવૃત કર્મચારીઓ દ્વારા પીએફના પ્રશ્ને પરિપત્રની હોળી કરી આવેદન પાઠવાયું



જામનગર,
જામનગરનાં સરકારી, અર્ધસરકારી, જાહેરક્ષેત્ર, ખાનગીક્ષેત્ર કંપનીના નિવૃત કર્મચારીનઓ દ્વારા ઈ.પી.એફ કચેરી પાસે પરિપત્રાની હોળી કર્યા પછી આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું.

ઈપીએફ ૧૯૯૫ પેન્શન સમિતિ અખિલ ભારત અધયક્ષ અશોક રાઉતની સુચનાં મુજબ જામનગરમાં તા. ૧૦ અને સોમવારે સરકારી, અર્ધસરકારી નિવૃત કર્મચારીઓ દ્વારા મજુર મહાજન સંઘના મંત્રી પંકજ જોષીનાં અધ્યક્ષ સ્થાને ઈપીએફ કચેરીમાં આવેદન પત્ર પાઠવી પોતાનાં પડતર પ્રશ્નો અંગે રજુઆત કરી હતી. આ ઉપરાંત, પરિપત્રની હોળી પણ કરી હતી.

આ આવેદનત્ર પાઠવતા સમયે પંકજ જોષી, વિરેન્દ્ર ગણાત્રા, આતેશાભાઈ કચ્છવા, મહિધર શુક્લ, દિપક ત્રિવેદી (ગુણાભાઈ) કિશોરભાઈ જોષી, નરસીભાઈ દાઉદીયા, સોઢાભાઈ ખીરડીયાભાઈ, જે.એન.પરમાર સહિતનાં જોડાયા હતાં. આ પહેલા પરિપત્રની હોળી કરીને વિરોધ પ્રદર્શિત કર્યા હતાં.

# જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખની હૈદ્રાબાદમાં યોજાનારા બે દિવસીય વર્કશોપમાં પસંદગી

જામનગર
કેન્દ્ર સરકાર દ્વારા આજ અને આવતીકાલ બે દિવસ હૈદ્રાબાદ ખાતે કન્સલટેટિવ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખ ધરમશીભાઈ ચનિયારા પણ ભાગ લેવા પહોંચ્યા છે.

કેન્દ્રના પંચાયત રાજ મંત્રાલય દ્વારા ઈ-ગ્રામ સ્વરાજ અને ગામ મંત્રી ના એપ્લિકેશનનું હૈદ્રાબાદમાં નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ રૂરલ ડેવલોપમેન્ટ અને પંચાયતી રાજ કેમ્પસમાં તા. ૧૯ અને ૨૦ જાન્યુઆરી એમ બે દિવસ માટે હૈદ્રાબાદમાં આયોજન કરવામાં આવ્યું છે. તે માટે ગુજરાતમાંથી ચાર જિલ્લા પંચાયતના પ્રમુખની પસંદગી કરવામાં આવી છે. જેમાં જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખ ધરમશીભાઈ ચનિયારાનો પણ રાજ્ય સરકાર દ્વારા સમાવેશ કરાયો છે. જેથી તેઓ ગઈકાલે જામનગરથી રવાના થયા છે.

આ પહેલા પણ ધરમશીભાઈ ચનિયારાને બે વખત દિલ્હીમાં યોજાયેલ સેમિનારમાં ઉપસ્થિત રહેવાનો મોકો મળ્યો હતો, ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા રૂબરૂમાં શુભેચ્છા પાઠવાઈ હતી.

# જામજોધપુરના સમાણામાં સોના-ચાંદીની દુકાનમાં થયેલી ચોરીમાં મુદ્દામાલ સાથે શખ્સ ઝડપાયો



જામનગર,
જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના સમાણા ગામમાં સોના-ચાંદીની દુકાનમાં થોડા દિવસ પહેલા થયેલી ચોરીનો ભેદ એલસીબીએ ઉકેલ્યો છે. જામનગરના ચાંદીબજારમાં દાગીના વેચવાની પેરવી કરતા મૂળ મધ્યપ્રદેશના શખ્સને પકડી પાડ્યા પછી તેણે અન્ય ત્રણને સાથે રાખી ચોરી કર્યાની કબૂલાત આપી હતી. અને ચોરી કરાયેલ મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો છે.જામજોધપુર તાલુકાના સમાણા ગામમાં થોડા દિવસ પહેલા સોના-ચાંદીની એક દુકાનમાં ચાંદીની પાંત્રીસ બંગડી, છ જોડી પોચી, લક્કી, ચેઈન, સોનાની બુટી, બે મોબાઈલ વગેરે મત્તાની ચોરી થઈ હતી. દરમિયાન જામનગરના ચાંદી બજાર વિસ્તારમાં એક શખ્સ ચોરાવ દાગીના વેચવાની તજવીજ કરતો હોવાની બાતમી એલસીબી પોલીસને મળતા વોચમ ગોઠવાઈ હતી. જેમાં મૂળ મધ્યપ્રદેશના અને હાલ પોરબંદર જિલ્લાના દૈયાર ગામમાં રહેતા દિનેશ વાલસિંગ કેકરીયો નામના શખ્સને ઝડપી લેવાયો હતો. અને તેણે ઉપરોક્ત ચોરીની કબૂલાત આપી તમામ મુદ્દામાલ કાઢી આપ્યો છે.

આ શખ્સની પુછપરછમાં પોતાની સાથે ચોરીમાં રહેલા મધ્યપ્રદેશના અનિલ ભવાનસિંગ બધેલ, રાજુ કેકરીયા, અને રામસિંગ અજનારી આદિવાસીના નામ આપ્યા છે. આ ત્રણેય શખ્સ પૈકીનો રામસિંગ સમાણા ગામમાં મજૂરીકામ કરતો હતો. તેના ધ્યાનમાં ઉપરોક્ત જવેલર્સ આવતા તેણે તેમાં ચોરીનો પ્લાન બનાવ્યો હતો.

# જામનગરના પોલીસ હેડ ક્વાર્ટરમાં રાજકોટ રેન્જ આઈજીની હાજરીમાં મોકડ્રીલ યોજાઈ

## જિલ્લાના પોલીસ બેડામાં ફરજ બજાવતા જુદા જુદા વિભાગના પોલીસ કર્મચારીઓની સતર્કતા ચકાસવામાં આવી




જામનગર
જામનગરના આજે રાજકોટ રેન્જ ના આઈ.જી.પી. ની સમક્ષ વાર્ષિક ઈન્સ્પેક્શન દરમિયાન પરેડ સહિતના જુદા જુદા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જેના ભાગરૂપે ગઈકાલે બપોર બાદ જામનગર જિલ્લાના અલગ અલગ પોલીસ વિભાગના કર્મચારીઓની સતર્કતા ચકાસવાના ભાગરૂપે મોકડ્રીલ યોજવામાં આવી હતી.રાજકોટ રેન્જ ના આઈ.જી.પી. અશોક યાદવની ઉપસ્થિતિમાં અને જામનગરના જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુની અધ્યક્ષતામાં જામનગરના પોલીસ હેડ ક્વાર્ટરમાં મોકડ્રીલ યોજવામાં આવી હતી. શહેર જિલ્લાની જુદી જુદી ચેકપોસ્ટ ઉપર તેમજ અન્ય સ્થળો પર વિરોધ પ્રદર્શન થાય ત્યારે પોલીસે શું કામગીરી કરવાની રહે છે, તે અંગેની મોકડ્રીલ યોજવામાં આવી હતી. જેમાં જામનગરની એસ.ઓ.જી, એલસીબી શાખા, તથા અન્ય જુદા જુદા પોલીસ ડિવિઝનના પોલીસ કર્મચારીઓને જોડવામાં આવ્યા હતા અને તેઓ પાસેથી સમગ્ર જાણકારી મેળવાઈ હતી.

# સંત નિરંકારી મિશનના વડા સદગુરુ માતા સુદીક્ષાજી મહારાજ ગુજરાતના પ્રવાસે



જામનગર,
નિરંકારી મિશનના સદગુરુ માતા સુદીક્ષાજી મહારાજ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. ત્યારે જામનગર સહિત ગુજરાતભરના નિરંકારી શ્રદ્ધાળુ ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.જામનગરના સંયોજક મનહરલાલ રાજપાલજીએ જણાવ્યું હતું કે, તા. ૨૩-૧-૨૦૨૩ ના સવારે ૧૧ થી ૨ વાગ્યા સુધી ગોધરા સ્થિત પંચમહાલ ડેરીની નજીક વિશાળ મેદાનમાં તેમજ તા. ૨૪-૧-૨૦૨૩ ના ૧૧ થી ૨ સુધી સુરતમાં સદગુરુ માતા સુદિક્ષાજી મહારાજના સાનિધ્યમાં વિશાળ નિરંકારી સંત સમાગમનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિરંકારી સંત સમાગમમાં જામનગર સહિત ગુજરાતભરના શ્રદ્ધાળુઓ સદગુરુ માતાજીના દર્શન કરીને તેમની દિવ્ય વાણી શ્રવણ કરશે.

# સૌરાષ્ટ્રના સ્ત્રી કેળવણીના પાયા સમાન શાળા એટલેમાં શ્રી સજુબા ગર્લ્સ હાઈસ્કૂલ

જામનગર,
રાજાશાહી વખતમાં શહેરની અન્ય શાળાઓમાં કુમાર-કન્યાનું સહ શિક્ષણ હોવાથી મોટાભાગના વાલીઓ પોતાની દીકરીઓને શાળાએ ભણવા મોકલવાનું પસંદ કરતા ન હતા આથી કન્યા કેળવણીને વેગવંતી બનાવવા માટે જામ રણજીતસિંહના શાસનકાળ દરમિયાન દીકરીઓના શિક્ષણના હેતુસર ભવ્ય રાજમહેલ સમાન કન્યા વિદ્યાલયનું નિર્માણ કાર્ય શરૂ થયેલ. ઈ.સ.૧૯૩૬ ની ૧૨ મી જાન્યુઆરીના રોજ શ્રી સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતી જેવા પાવન અવસરે નવાનગર સ્ટેટના મહારાજા જામ સાહેબ શ્રી દિગ્વિજયસિંહજીના વરદ હસ્તે આ શાળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેના તાજેતરમાં ૮૭ વર્ષ પૂર્ણ કરી ૮૮ માં વર્ષમાં પ્રવેશતી આ શાળાની પ્રાચીન ભવ્ય ઈમારત આજ સુધી તેના ભવ્ય વારસાની શાખ રૂપે અડીખમ ઉભી છે.

# જામનગર જિલ્લામાં ચૂંટણી દરમ્યાન પક્ષ વિરોધી પ્રવુતિ કરનાર ભાજપના આગેવાનો કમલમમાં થયા હાજર

જામનગર,
જામનગર જિલ્લામાં ગત દિવસોમાં યોજાય વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના પંદર જેટલા આગેવાનો, કાર્યકરોએ પક્ષ વિરોધી પ્રવુતિ કરી હોવાનું ધ્યાનમાં આવતા પ્રદેશ પ્રમુખ દ્વારા નોટીસ પાઠવી ખુલાસા પૂછવામાં આવ્યા હતાં. દરમિયાન જામનગરથી આ તમામ કાફલો કમલમ્ પહોંચ્યો હતો જયાં પ્રદેશના આગેવાનો સમક્ષ તેમની રજૂઆતો સાંભળવામાં આવી, પરંતુ પ્રદેશ પ્રમુખ આકરા પાણીએ હોવાનું જાણવા મળ્યું છે. હવે નિરીક્ષકો અને ત્યાર પછી ધારાસભ્યના ઉમેદવારોને સાંભળ્યા પછી આ તમામ ૧૫ આગેવાનો સામે પગલાં લેવાશે કે શું ? તેના પર હવે નક્કી થશે.

તાજેતરમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાઈ હતી જેમાં જામનગર જિલ્લામાં પાંચમાંથી ચાર બેઠકો ભાજપને મળી હતી, જ્યારે એક બેઠક ઉપર ભાજપના ચિમનભાઈ સાપરિયાનો પરાજય થયો હતો.

આ ચૂંટણી દરમિયાન જિલ્લામાં ભાજપના અમુક આગેવાનો આડા ફાટ્યા હોવાનું જાણવા મળે છે. જેના પરિણામે એક બેઠક ગુમાવી પડી હોય તેવું અનુમાન લગાવાઈ રહ્યું છે. આથી પ્રદેશ ભાજપ પ્રમુખ સમક્ષ નિરીક્ષકો દ્વારા રિપોર્ટ કરવામાં આવ્યા પછી તમામને નોટીસ આપી પાંચ દિવસમાં ખુલાસા કરવા જણાવાયું હતું. આ પછી જામનગરથી ભાજપના ૧૫ આગવાનોનો કાફલો કમલમમાં પહોંચ્યો હતો. જ્યાં પ્રદેશ નેતાઓ સમક્ષ હાજર થયા પછી તેમણે પોતાના ખુલાસા કર્યા હતાં, જો કે પ્રદેશ ભાજપ પ્રમુખ આકરા મુડમાં જોવા મળ્યા હતાં. આથી આગામી સમયમાં આ તમામ સામે આકરા પગલાં લેવામાં આવે તેવી શક્યતા દર્શાવાઈ રહી છે. મળતી માહિતી મુજબ એવી પણ ચર્ચા થઈ રહી છે કે, સ્થાનિક કક્ષાએ તેમની ઉપર કોઈ નેતાની મહેરબાની હતી કે કેમ ? તેની પણ તપાસ થઈ રહી છે.

# જામનગર પધારેલ વ્હોરા સમાજના ધર્મગુરૂ સૈયદના સાહેબની મુલાકાત લેતા કોર્પોરેટર



તાજેતરમાં વ્હોરા સમાજના ધર્મગુરૂ હિઝ હોલિનેસ સૈયદના આલિકદર મુફદ્દલ સૈફુદીન (ત.ઉ.શ.) સાહેબ જામનગર પધાર્યા હતા. ત્યારે વોર્ડ નં. ૧૨ ના કોર્પોરેટર અસલમભાઈ ખીલજી તથા સામાજિક કાર્યકર હાજી રિઝવાનભાઈ જુણેજાએ તેઓની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ તકે તેમણે અસલમભાઈ ખીલજીને સાલ ઓઢાડી સન્માન કર્યુ હતું .તથા હાજી રિઝવાનભાઈને પ્રતીકરૂપ ભેટ આપી હતી.

# જામનગર શહેરમાં જાહેર માર્ગો પર અડચણરૂપ દબાણ દૂર કરતું એસ્ટેટ શાખા




જામનગર,
જામનગર મહાનગર પાલિકા દ્વારા શહેરમાં રસ્તા ઉપર ગેરકાયદેસર કરવામાં આવેલા દબાણને એસ્ટેટ શાખા દ્વારા દૂર કરવામાં આવ્યા છે. જામનગર મહાનગરપાલિકાના કમિશનર વિજયકુમાર ખરાડીની સૂચના અનુસાર તેમજ નાયબ કમિશનર ભાવેશભાઈ જાની, એસ્ટેટ શાખાના કાર્યપાલક ઈજનેર મુકેશ વરણવાના માર્ગદર્શન મુજબ એસ્ટેટ શાખાના નાયબ કાર્યપાલક ઈજનેર નીતિનભાઈ દીક્ષિતની રાહબરી હેઠળ ગઈકાલે શહેરના ૪૯-દિગ્વિજય પ્લોટ તેમજ જકાતનાકા, ગોકુલ નગર ચોકડી સુધીના વિસ્તારમાં રસ્તા ઉપર ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા હતા. જેમાં ભંગારવાળા, ઝૂંપડા વાળા ,ગેરકાયદેસર ગાય-ભેંસના તબેલા રોડ પર પથરાયેલા માટી-કેરળના ઢગલા વગેરેને મનપાની એસ્ટેટ શાખાએ દૂર કરી રોડને ખુલ્લો કરવાની કામગીરી હાથ ધરી હતી.

■ અનેક દીકરીઓના જીવનપથ પ્રજ્જ્વલિત કરનાર

# જામનગરની શ્રી સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલના ૮૭ વર્ષ પૂર્ણ થતા કરાઈ ઉજવણી

જામનગર,
હાલાર સહિત સમગ્ર સૌરાષ્ટ્રની કન્યાઓ શિક્ષણથી વંચિત ન રહે તેમજ કન્યા કેળવણીનો વ્યાપ વધે તેવા દુરંદેશી વિચાર સાથે જામનગરના રાજવી જામ રણજીતસિંહના શાષન કાળ દરમિયાન માં શ્રી સજુબા કન્યા વિદ્યાલયનો પાયો નંખાયો.તા.૧૨ જાન્યુઆરી, ૧૯૩૬ ના રોજ સ્થપાયેલી આ ગર્લ્સ હાઈસ્કૂલના ૮૭ વર્ષ પૂર્ણ થતાં શાળાના આચાર્યાશ્રી, શિક્ષકો તથા વિદ્યાર્થીનીઓ દ્વારા અનેક સાંસ્કૃતિક તથા શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરી આ જાજરમાન શાળાના સ્થાપના દિનની ભવ્ય ઉજવણી કરી હતી.આ પ્રસંગે શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા શાળાનું ઐતિહાસિક મહત્વ અને ભવ્ય વારસો દર્શાવતી કૃતિઓ રજૂ કરાઈ હતી તેમજ શાળામાં અભ્યાસ કરી ચૂકેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ કે જેઓએ વિવિધ ક્ષેત્રમાં સફળતા મેળવી શાળા અને જામનગરનું ગૌરવ વધાર્યું છે તેઓને યાદ કરી તેમની ગૌરવગાથા વર્ણવવામાં આવી હતી. આ તકે શાળા દ્વારા માર્ચ ૨૦૨૨ માં ધો.૧૦ અને ધો.૧૨ માં બોર્ડની પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામ મેળવનાર વિદ્યાર્થીનીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વળી આ જ શાળામાં અભ્યાસ કરી ચૂકેલા અને આ જ શાળા ખાતે શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષકોએ પોતાના વિદ્યાર્થી જીવનના સંસ્મરણો વાગોળ્યા હતા. કાર્યક્રમના અંતે શાળાના આચાર્યા શ્રી બીનાબેન દ્વારા વિદ્યાર્થીનીઓને શાળાના સ્થાપના દિન નિમિતે શુભેચ્છાઓ તેમજ ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

# પ્રજાસત્તાક પર્વે જામનગર જિલ્લામાં મંત્રી મૂળુભાઈ બેરા તિરંગો લહેરાવી સલામી આપશે

આગામી તા. ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની જામનગરમાં ઉજવણી કરવામાં આવશે. જેમાં કેબિનેટ મંત્રી મૂળુભાઈ બેરાના હસ્તે રાષ્ટ્રધ્વજ લહેરાવી સલામી આપવામાં આવશે.આગામી પ્રજાસત્તાક પર્વની રાજયમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. રાજ્ય સરકારના મંત્રીઓ જિલ્લા કક્ષાએ રાષ્ટ્રધ્વજ લહેરાવશે. ત્યારે જામનગરમાં મંત્રી મૂળુભાઈ બેરાના હસ્તે રાષ્ટ્રધ્વજ લહેરાવી સલામી આપવામાં આવશે. જ્યારે જામનગરના ધારાસભ્ય અને રાજયના મંત્રી રાઘવજીભાઈ પટેલ જુનાગઢના કાર્યક્રમમાં ઉપસ્થિત રહી રાષ્ટ્રધ્વજ લહેરાવશે. આ માટે સ્થાનિક તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

સૌરાષ્ટ્ર આજતક

# રાજકોટના કારખાનેદારને હનીટ્રેપમાં ફસાવનાર ટોળકી પકડાઈ: રૂ.૧.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત

## યુવતી અગાઉ પણ હનીટ્રેપમાં આજી ડેમ અને એરપોર્ટ પોલીસમાં પકડાઈ ચૂકી હોવાની વિગતો ખૂલી

રાજકોટ,

રાજકોટ આનંદનગર ત્રણ માળીયા કવાર્ટરમાં રહેતા વિધુર કારખાનેદાર જયેશ ડોડીયા(ઉ.વ.૪૨) એકલવાયુ જીવન જીવતા હોય પાંચેક મહીના અગાઉ સોનલ સાથે મુલાકાત થઈ ત્યારે જયેશભાઈને ફરી પાછો લગ્ન સંસાર માંડવાની વાત કરતા તેમણે હા પાડી હતી.તેમજ આ કામના આરોપીઓએ તેને પોતાની જાળમાં ફસાવી પૈસા પડાવવા પૂર્વયોજીત કાવતરૂ કરી આરોપી સોનલબેન પટેલ તેની સાથે આરોપી જાનકીને જયેશના ઘરે લગ્ન સબંધ કરાવવાના બહાને છોકરી તરીકે બતાવવા લઇ ગયા હતા.

ત્યાં જયેશભાઇ અને જાનકી બેઠા-બેઠા વાતો કરતા હતા.તે દરમ્યાન આરોપીઓ જીતુદાન ઉર્ફે ભુરો અને ચિરાગ ઉર્ફે લાલો બન્ને જયેશભાઈ અને જાનકીના મોબાઇલ ફોનમાં ફોટા પાડી જયેશભાઈને ફડાકા ઝીંકી અને કાનના ભાગે તેમજ માથાના ભાગે જાપટો મારી હોન્ડા સીટી કારમાં જયેશભાઈને તેના ઘરેથી બળજબરીથી અપહરણ કરી લઇ જઇ જયેશભાઈને ફાર્મ હાઉસમાં લઇ જઇ મારમારવાનો ભય બતાવી જયેશભાઈના કોટક મહીન્દ્રા બેન્કના એટીએમમાંથી રૂ.૫૦ હજાર બળજબરી થી કઢાવી તેના ઘરે લઇ જઇ સામાન વેર વીખેર કરી રૂ.૫ હજાર મળી કુલ રૂ.૫૫ હજાર લઇ જઇ વધુ રૂ.૪૫ હજાર બે દિવસમાં નહી આપે તો આરોપી જાનકી સાથે પાડેલા ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી. આ હનીટ્રેપમાં સંડોવાયેલી ગેંગને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધી છે.



આ ગેંગનો એક સભ્ય હજુ મળ્યો ન હોવાથી તેની શોધખોળ કરવામાં આવી રહી છે.ઝડપાયેલા આરોપીઓમાં સોનલ દામજીભાઈ ભંડેરી(ઉ.વ.૨૩, રહે. ગણેશ સોસાયટી શેરી નં-૨, ભાડાના મકાનમાં),જાનકી કનકભાઈ ઉપરા (ઉ.વ.૨૬, રહે. ચુનારાવાડ શેરી નં-૩) અને જીતુદાન ઉર્ફે ભુરો ઉર્ફે જીતુ બાણીદાન જેસાણી (ઉ.વ.૨૫, રહે.રૈયાધાર, રાધેશ્યામ ગૌશાળા પાસે મફતીયાપરામાં) નો સમાવેશ થાય છે.હનીટ્રેપ કરનાર આ ટોળકી વિરૂધ્ધ ભકિતનગર પોલીસમાં ફરિયાદ નોંધાયા બાદ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ વાય.બી.જાડેજા અને પીએસઆઈ એમ.જે.હુણે ત્રણેય આરોપીઓને ઝડપી લઈ પુછપરછ કરતા જાનકી આ અગાઉ પણ હનીટ્રેપમાં બે વખત આજી ડેમ અને એરપોર્ટ પોલીસમાં પકડાઈ ચુકયાની માહિતી મળી છે.જયારે આરોપી જીતુદાન પણ તેની સાથે હનીટ્રેપના ગુનામાં એરપોર્ટ પોલીસ મથકમાં પકડાયેલો છે. આરોપીઓ પાસેથી ક્રાઈમ બ્રાન્ચે ભોગ બનનાર પાસેથી મેળવેલા રૂા.૫૫ હજાર અને ત્રણ મોબાઈલ ફોન સહિત કુલ રૂા.૧.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.આ ગુન્હામાં ગોંડલના કોટડા ગામના ચિરાગ ઉર્ફે લાલા ભરવાડની સંડોવણી ખુલી છે.જેની શોધખોળ કરવામાં આવી રહી છે. તમામના રિમાન્ડ તજવીજ હાથ ધરી છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર - કચ્છમાં ઠંડીમાં આંશિક ઘટાડો

## લઘુત્તમ તાપમાનનો પારો ઉંચે ચડતા ઠંડકમાં રાહત



રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર - કચ્છઠમાં આજે ઠંડીમાં આંશિક ઘટાડો થતાં લોકોને હાશકારો થયો છે. આજે સવારથી લઘુત્તમ તાપમાનનો પારો નીચે ઉતરી ગયો છે.ગિરનાર પર્વત ઉપર આજે ૫ ડિગ્રી, નલીયામાં ૭.૨, રાજકોટમાં ૧૧.૯ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. મોડી રાત્રીના તથા વહેલી સવારના સમયે ઠંડીની વધુ અસર અનુભવાય છે.

લોકો ઠંડીથી બચવા માટે ગરમ વષાો અને તાપણાનો સહારો લઇ રહ્યા છે અને મોડી રાત્રીના રસ્તાીઓ સુમસામ બની જાય છે. ઠંડીથી બચવા માટે લોકો ઘરની બહાર નીકળવાનું ટાળે છે. લઘુત્તમ તાપમાનનો પારો નીચે ઉતરી જતા વધુ ઠંડક અનુભવાય છે.

સોરઠમાં ઠંડીમાં આજે આંશિક ઘટાડો થયો હતો. જોકે ગિરનાર પર્વત પર પાંચ ડિગ્રી તાપમાન રહ્યું હતું.

ગઈકાલે ગિરનાર પર ૨.૩ ડિગ્રી લઘુત્તમ તાપમાન રહ્યા બાદ આજે પારો ઉપર ચડીને પાંચ ડિગ્રીએ સ્થિંર થયો હતો પરંતુ કાતિલ ઠંડી યથાવત રહી હતી.

જ્યારે જૂનાગઢમાં સવારે ઠંડીનું પ્રમાણ ૧૦ ડિગ્રી રહ્યું હતું પરંતુ વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૫ ટકા રહેતા કાતિલ ઠારનું આક્રમણ થયું હતું. સવારના પવનની પ્રતિ કલાકની ઝડપ ૨.૭ ડિગ્રી રહી હતી.

# રાજકોટમાં હેલ્મેટ ફરજીયાત અમલ થાય તે પહેલા ૧૦૦થી વધુ પોલીસકર્મીઓ દંડાયા

## પોલીસ બાદ હવે સામાન્ય માણસને પણ ટ્રાફિક પોલીસ દંડ ફટકારશે

રાજકોટ,

રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા હાલમાં ટ્રાફિક સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શહેરના અલગ અલગ વિસ્તારો અને શાળાના બાળકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટેની સમજણ આપવામાં આવી હતી. હવે રાજકોટ ટ્રાફિક પોલીસ દ્વારા હેલ્મેટ ને લઈને કડક કાર્યવાહી કરવાના સંકેત આપવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે હાલમાં રાજકોટ શહેર પોલીસમાં ફરજ બજાવતા ૧૦૦થી વધુ પોલીસકર્મી કે જેમણે હેલ્મેટ પહેરેલ ન હોય તેની સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે.

આ અંગે રાજકોટ શહેર ટ્રાફિક ડીસીપી પુજા યાદવે જણાવ્યું હતું કે, વાહનચાલકો માટે હેલ્મેટ ખુબ જ જરૂરી છે. મોટાભાગના અકસ્માતના કિસ્સાઓમાં હેલ્મેટ નહિ પહેરવાને કારણે વાહનચાલકનું મોત થાય છે. ત્યારે લોકો હેલ્મેટનો ઉપયોગ કરે તે માટે ટ્રાફિક પોલીસ સક્રિય છે. ટ્રાફિક સપ્તાહમાં પણ હેલ્મેટ પહેરવા પર ભાર મુકવામાં આવ્યો છે. પોલીસ દ્વારા હેલ્મેટ સાથે બાઈક રેલી કરીને લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો ત્યારે વાહનચાલકોએ હેલ્મેટ પહેરવા માટે તૈયાર રહેવું પડશે પોલીસની સાથે તમામ બાઈક ચાલકોએ પણ હેલ્મેટ પહેરવું પડશે.પૂજા યાદવે વધુમાં જણાવ્યું હતું કે શહેરમાં લોકો ૧૦૦ ટકા હેલ્મેટ પહેરે તે માટે પોલીસ કામગીરી કરી રહી છે. જો કે પોલીસનો હેતુ માત્ર દંડ કરવાનો નથી, કડક કાર્યવાહીથી જરૂર હેલમેટ પહેરાવી શકાય છે અને હેલમેટ નહિ પહેનનાર પાસેથી દંડ વસુલી શકાય છે પરંતુ લોકોનો સાથ સહકાર જરૂરી છે. લોકો સામે ચાલીને હેલ્મેટનો ઉપયોગ કરે તે જરૂરી છે. ટ્રાફિક પોલીસ દ્વારા લોકોને જાગૃત કરવામાં આવશે તેમને વિશ્વાસમાં લેવામાં આવશે ત્યારબાદ કડક કાર્યવાહી કરવામાં આવશે.

થોડા દિવસો પહેલા રાજકોટ પોલીસ દ્વારા પોલીસ હેડક્વાર્ટર ખાતે હેલ્મેટ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પોલીસ જવાનો અને પોલીસ પરિવારના કોઇ સભ્ય હેલ્મેટ પહેર્યા વગર બાઇક લઇને બહાર નીકળે તો તેની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. માત્ર પોલીસ અને તેના પરિવારના ૧૦૦ જેટલા લોકોને ટ્રાફિક અંગેનો દંડ કરવામાં આવ્યો હતો. ત્યારે પોલીસ બાદ હવે સામાન્ય માણસને પણ ટ્રાફિક પોલીસ દ્વારા હેલ્મેટ પહેરવાની વિનંતી કરવામાં આવી છે જો હેલ્મેટ નહિ પહેરવામાં આવે તો આગામી દિવસોમાં દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# રાજકોટ મવડી વિસ્તારની ટાઉનશીપમાં આવાસની ૨૨ દુકાનોની હરાજી : મનપાને રૂા. ૮.૮૦ કરોડની આવક

## એક ફૂટના રૂા.૮ સામે રૂા.૧૫ ઉપજ્યા : ૪ ટાઉનશિપની ૩૧ દુકાનની ૨૫મીએ હરાજી

રાજકોટ,

રાજકોટ મવડી વિસ્તારમાં શિવ ટાઉનશીપમાં ૨૨ દૂકાનોની હરાજી આજે યોજાયેલ જેમાં મહાનગરપાલિકાએ નક્કીક રેલ અપસેટ પ્રાઈઝ કરતા ડબલ પૈસા દૂકાનના વેચાણથી મળ્યા છે. એક ફૂટના ૮ સામે રૂા. ૧૫ ઉપજતા ૨૨ દૂકાન પેટે મનપાને રૂા. ૮.૮૦ કરોડની આવક થઈ હતી.

શિવ ટાઉનશીપ, મવડી-પાળ રોડ ખાતે ૨૨ દુકાનો માટે જાહેર હરરાજી યોજવામાં આવેલ હતી. જેમાં તમામ દુકાનોનું વેંચાણ થયેલ છે. આ હરરાજીથી રાજકોટ મહાનગરપાલિકાને રૂ. ૮.૮૦ કરોડની આવક થયેલ છે. આ હરરાજીમાં કુલ ૧૩૬ નાગરિકોએ ભાગ લીધો હતો અને એક દુકાનની હાઈસ્ટ પ્રાઈઝ રૂ. ૪૭.૩૦ લાખ મળી હતી. આગામી ૨૫ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ અન્ય ચાર ટાઉનશીપની ૩૧ દુકાનોની હરરાજી યોજાશે શ્રી સીતા ટાઉનશીપ સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાછળ, મવડી ૧૯ દુકાનો, તા.૨૫/૦૧/૨૦૨૩, સવારે ૯.૦૦ કલાકે મીટીંગ હોલ, પ્રથમ માળ, સેન્ટ્રલ ઝોન ઓફિસ, આર.એમ.સી. ખાતે કવિ કલાપી ટાઉનશીપ લાલપાર્ક સોસા. પાસે, પારડી રોડ ૦૯ દુકાનો, વીર નર્મદ ટાઉનશીપ સમ્રાટ ઈન્ડ. એરીયા, ગોંડલ રોડ ૦૨ દુકાનો, ભક્ત કવિ નરસિંહ મહેતા ટાઉનશીપ વૃંદાવન સોસા.પાસે, કુવાડવા રોડ ૦૧ દુકાનો, હરરાજીમાં ભાગ લેવા માંગતા વ્યક્તિઓને જે-તે હરરાજીના સમયે જે-તે સ્થળ પર હાજર રહેવા જાણ કરવામાં આવે છે. ફલાવર માર્કેટના થડાની હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિઓએ સ્થળ ડીપોઝીટની રકમ રૂ.૧૦,૦૦૦/- રોકડા હરરાજીના સમયે ભરપાઈ કરવાના રહેશે. દુકાનોની હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિઓએ ડીપોઝીટની રકમ રૂ.૨,૦૦,૦૦૦ ચેક અથવા ડી.ડી.થી હરરાજીના દિવસો પહેલા એસ્ટેટ વિભાગમાં અથવા હરરાજીના સમયે સ્થળ પર ભરપાઈ કરવાની રહેશે.



ડીપોઝીટ ભરનાર વ્યક્તિઓ જ હરરાજીમાં ભાગ લઈ શકશે. દુકાનોની અપસેટ કિંમત અને હરરાજીની શરતો વેબસાઈટ પરથી તેમજ એસ્ટેટ વિભાગ, રૂમ નં.૧૦, ત્રીજો માળ, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ (ફોન.૦૨૮૧-૨૨૨૨૫૪૦) ખાતેથી રૂબરૂ મળી શકશે.

# રાજકોટ નવાગામના ગુનામાં ફરાર આરોપીને ક્રાઈમ બ્રાંચે દબોચ્યો

## નાનાભાઈની થયેલી હત્યા બાબતનો ખાર રાખી જીવલેણ હુમલો કરી નાસી છૂટ્યો હતો

રાજકોટ,

રાજકોટના નવાગામ સોખડા રોડ પર ઈન્ડોસ્ટ્રીઝ એરીયામાં યુવાનની હત્યાબનો પ્રયાસ કરનારા શખ્સને ક્રાઈમ બ્રાંચે કુવાડવા ગામમાંથી પકડી લીધો હતો.મળતી વિગત મુજબ નવાગામમાં રહેતા રવિભાઇ મોહનભાઇ પરમાર ઈન્ડ સ્ટ્રીયઝ એરીયામાં ચાલીને જતા હતા. ત્યારે એક વર્ષ પહેલા છગન ગેલાભાઇ ઝાપડાની હત્યા થઇ હતી તે બાબતનો ખાર રાખી મોટોભાઇ મોતી ઝાપડા, નાગજી ઉર્ફે મુન્નોક નરશીભાઇ ઝરમરીયા સહિતે બાઈક પર આવી રવિભાઈ પરમારને અપમાનીત કરી 'તું ઘર પાસે આવતો નહીં' તેમ કહી ઢીકાપાટુનો મારમારી પથ્થરરના ઘા કરી જીવલેણ હુમલો કર્યો હતો.



આ બનાવ અંગે કુવાડવા રોડ પોલીસ મથકમાં રવિભાઈ પરમારે ફરિયાદ નોંધાવી હતી. આ બનાવમાં આરોપીઓને પકડી પાડવા માટે પોલીસ કમિશ્નભર શ્રી રાજુ ભાર્ગવે સુચના આપતા ક્રાઈમ બ્રાંચના પી.આઇ વાય.બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સજ. રણજીતસિંહ પઢારીયા, વિરેન્દ્રયસિંહ ઝાલા, ગીરીરાજસિંહ જાડેજા, વિજયરાજસિંહ જાડેજા, કોન્સગ. વિજયભાઇ મેતા, કુલદીપસિંહ જાડેજા, શૈલેષભાઇ ગઢવી, સહિતે બાતમીના આધારે આરોપી મોતી ગેલાભાઇ ઝાપડા (ઉવ.૩૦) (રહે. સાત હનુમાન સોખડા રોડ ગેસ પ્લાન્ટિગની બાજુમાં નિરાંતનગર)ને કુવાડવા ગામમાંથી પકડી લઇ કુવાડવા પોલીસને સોંપ્યો. હતો

# રાજકોટના બેડી ચોકડી પુલ પાસેથી વિદેશી દારૂ ભરેલી કાર પકડાઇ

રાજકોટ,

રાજકોટના મોરબી રોડ પર બેડી ચોકડી પુલ પાસે બી ડીવીઝન પોલીસે બાતમીના આધારે દરોડો પાડી રૂા.૩૬ હજારના વિદેશી દારૂ ભરેલી કાર કબ્જેપ કરી હતી.



મળતી વિગત મુજબ બેડી ચોકડી નજીક એક કારમાં દારૂનો જથ્થો હોવાની બી ડીવીઝન પોલીસ મથકના એ.એસ.આઇ. એસ.એમ. માડમ, હેડ કોન્સન મોહસીન ખાન મલેક, કોન્સા હેમેન્દ્રસભાઇ વાઘીયાને બાતમી મળતા બેડી ચોકડી પુલ પાસેથી જીજે.૩ એચ.આર.૫૫૮૨ નંબરની અલ્ટોનકારની તલાશી લેતા તેમાંથી રૂા.૩૬૦૦૦ ની કિંમતની વિદેશી દારૂની ૭૨ બોટલ મળી આવતા પોલીસે દારૂનો જથ્થોબ અને કાર કબ્જે કરી ચાલકની શોધખોળ આદરી હતી આકામગીરી પી.આઇ. આર.જી.બારોટના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ. એમ.આઇ. શેખ, એ.એસ.આઇ.એસ.એમ.માડમ, હેડ કોન્સન એમ.એમ.મલેક, એલ.બી.હાડગડા, કોન્સ હેમેન્દ્ર ભાઇ વાઘીયા, નિલેશભાઇ વાવૈયા, જયદિપસિંહ બોરાણા, વિશ્વજીતસિંહ ઝાલા, નિતેષભાઇ બારૈયા તથા પોપટભાઇ ગમારા દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટમાં ભૂખ હડતાલ પર ઉતરેલા અમૂલ કંપનીના કર્મચારીની તબિયત લથડી : સારવારમાં

## ત્રણ મહિનાનો પગાર અને ૨૧ મહીનાનું પીએફ ન મળતા કર્મચારીઓ ભૂખ હડતાલ પર ઉતર્યા

રાજકોટ,

રાજકોટમાં આવેલી અમુલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં નોકરી કરતા કર્મચારીઓને ત્રણ મહિનાનો પગાર અને ૨૧ મહિનાનું પીએફ ન મળતા તમામ કર્મચારીઓએ કલેકટરને અગાઉ રજૂઆત કરી હતી.ત્યારબાદ કર્મચારીઓ ભૂખ હડતાલ પર ઉતરી આવ્યા હતા.હડતાલ પર રહેલા એક કર્મચારીની આજે તબિયત લથડતા તેમને તુરંત સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડાયો છે.વધુ વિગતો મુજબ,મૂળ બીહારના વતની અને હાલ આજીડેમ પાસે માંડાડુંગર પાસે ગોકુલ પાર્કમાં રહેતા રણજીત સુરેશભાઈ ઠાકોર નામના ૪૦ વર્ષનો યુવાન ભૂખ હડતાલ પર હતો ત્યારે તેની તબિયત લથડતા તેમને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.પોતે છેલ્લા ૧૭ વર્ષથી અમૂલ કંપનીમાં નોકરી કરે છે.આ અંગે આજીડેમ પોલીસ મથકના સ્ટાફે રણજીતનું નિવેદન લેવા કાર્યવાહી શરૂ કરી છે.




# રાજકોટ મનપાની દબાણ હટાવ શાખાએ ૨૫૭ બોર્ડ-બેનર જપ્ત કર્યા

## માર્ગોમાં નડતરરૂપ ૧૨ રેંકડી-કેબીન જપ્ત કરી : વહીવટી ચાર્જ વસૂલયો



રાજકોટ,

રાજકોટ મનપાની દબાણ હટાવ શાખાએ જુદા જુદા રોડ પરથી પથારા જપ્ત કરવા ઉપરાંત મંજૂરી વગરના બોર્ડ બેનર ઉતારવાનું પણ ચાલુ રાખ્યું છે. તા. ૧૬ થી ૧૮ના બે દિવસમાં રસ્તા પર નડતર રૂપ ૧૨ રેકડી આકાશવાણી ચોક, પાટીદાર ચોક, યુનિ.રોડ, હવેલી ચોક, ગાયત્રીનગર પરથી જપ્ત કરવામાં આવી હતી,

તો ૮૫ પરચુરણ ચીજ વસ્તુઓ આકાશવાણી ચોક, યુનિ.રોડ, ૧૫૦ ફુટ રિંગ રોડ, સ્ટર્લિંગ હોસ્પિટલ ચોક પરથી જપ્ત કરવામાં આવી હતી. ૧૨૦ કી.ગ્રા. શાકભાજી-ફળો જંકશન રોડ, જ્યુબેલી પરાબજાર, જંકશન રોડ પરથી જપ્ત કરવામાં આવ્યા હતા. ડો. દસ્તુરમાર્ગ,જ્યુબેલી, જંકશન રોડ, યુનિ.રોડ પરથી રૂા.૩૪૫૦૦નો વહીવટી ચાર્જ અને મવડી મેઈન રોડ, નાના મૌવા રોડ, પંચાયત ચોક, સાધુવાસવાણી રોડ, હેમુ ગઢવી રોડ, સ્પિડવેલ પાર્ટી પ્લોટ, , સંતકબીર રોડ, યાજ્ઞિક રોડ, હેમુદસ્તુર માર્ગ પરથી રૂા.૪૮૫૫૦નો મંડપ ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. ૨૫૭ બોર્ડ-બેનર રેસકોર્ષ, યાજ્ઞિક રોડ, આકાશવઆણી ચોક થી પુષ્કરધામ રોડ,ટાગોર રોડ પરથી જપ્ત કરવામા આવ્યા હતા.

# રાજકોટ મ્યુનિ. કચેરીમાં ટોયલેટ બહાર દારૂની ખાલી બે ખાલી બોટલ મળી

## વીડિયો વાઈરલ થતા મ્યુનિ. કમિશનરે વિજલન્સ પાસેથી રિપોર્ટ મગાવ્યો

રાજકોટ

રાજકોટ મહાપાલિકાની કચેરીમાં ટોયલેટ બહાર દારૂની ખાલી ૨ બોટલ મળ્યાનો વીડિયો સોશિયલ વમીડિયામાં વીડિયો વાઈરલ થયો છે. આથી કચેરીમાં કોઈએ રાત્રીના દારૂની પાર્ટી કરી હોવાની શંકા સેવાઇ રહી છે. વીડિયો વાઈરલ થતા જ મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ વિજિલન્સ પાસેથી રિપોર્ટ મગાવ્યો છે. આથી વિજિલન્સ ટીમે તપાસ હાથ ધરી છે.

રાજકોટ મહાનગરપાલિકાની વેસ્ટ ઝોન બ્રાન્ચનો વીડિયો વાઈરલ થયો છે. મનપા ઓફિસના ટોયલેટ બહાર દારૂની ખાલી બે બોટલ, થમ્સઅપની ખાલી બોટલો અને પાણીની ખાલી બોટલ મળી આવી હતી. તેમજ એક ટેબલ પર નમકીનના ખાલી પેકેટ મળી આવ્યા હતા. આથી રાત્રિ દરમિયાન કોઈએ દારૂ પાર્ટી કરી હોય તેવી શંકા સેવાઇ રહી છે. આ મામલે મ્યુનિ. કમિશનર અમિત અરોરા દ્વારા વિજિલન્સ પાસેથી રિપોર્ટ મગાવવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં કચેરીમાં રહેલા સીસીટીવી પણ તપાસવામાં આવશે.

મ્યુનિ.ના ડેપ્યુટી કમિશનર આશિષકુમારે જણાવ્યું હતું કે, આજે વેસ્ટ ઝોનની કચેરીમાંથી દારૂની ખાલી બોટલો મળી છે. તેની તપાસ કરી રહ્યા છીએ અને સીસીટીવી ફૂટેજ ચકાસી રહ્યા છીએ.. જવાબદાર સામે કાર્યવાહી કરવામાં આવશે.